RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 237* Date: 24.06.2024 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# શિવસેનાએ વિધાયકોને કહ્યું- ૨૪ કલાકમાં પાછા આવો, અમે એમવીએ માંથી નિકળવા તૈયાર

## શરદ પવારએ પણ પરાજય સ્વીકારી લીધો : સત્તાની બહારના સંઘર્ષ માટે તૈયાર રહો

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રની સત્તાનો હાઈવોલ્ટેજ ડ્રામા આજે પણ ચાલુ છે. છેલ્લા ૨૪ કલાકમાં શિવસેનાના ઘણા વધુ ધારાસભ્યો ગુવાહાટી ગયા છે અને શિંદે જૂથમાં જોડાયા છે. દરમિયાન જે સમાચારો સામે આવી રહ્યા છે, તેમાં એવું લાગી રહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે બળવાખોર ધારાસભ્યો સામે ઝૂકતા જોવા મળી રહ્યા છે. શિવસેનાના પ્રવક્તા સંજય રાઉતે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે જો ધારાસભ્યો ઈચ્છે તો શિવસેના મહાવિકાસ અઘાડી ગઠબંધનથી અલગ થવા તૈયાર છે.

રિપોર્ટ્સ અનુસાર શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે ધારાસભ્યોએ ગુવાહાટી સાથે વાતચીત ન કરવી જોઈએ, તેઓએ મુંબઈ પાછા આવીને સીએમ સાથે આ બધી ચર્ચા કરવી જોઈએ. જો તમામ ધારાસભ્યો ઈચ્છે તો અમે એમવીએમાંથી બહાર નીકળવા માટે તૈયાર છીએ, પરંતુ આ માટે તેમણે અહીં આવીને મુખ્યમંત્રી સાથે ચર્ચા કરવી પડશે. તમારી વાત ઉદ્ધવજીની સામે રાખો. મને ખાતરી છે કે તમને સાંભળવામાં આવશે. ૨૪ કલાકમાં પાછા આવો એમવીએમાંથી બહાર નીકળવાનો વિચાર કરશે. જો કે બાદમાં શિદે જુથે જણાવ્યું હતું કે પહેલા મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપે અને ત્યારબાદ જ અમે મહારાષ્ટ્રમાં આવીને ચર્ચા કરવા માટે તૈયાર છીએ.આ પહેલા અમે કોઇ વાતચીત કરવા માટે તૈયાર નથી

શિવસેના સાંસદે વધુમાં કહ્યું કે જો તમામ ધારાસભ્યો ઈચ્છે છે તો અમે મહાવિકાસ અઘાડી સાથે સંબંધ તોડી શકીએ છીએ. સંજય રાઉતે કહ્યું કે જો તમે વાત કરવા તૈયાર છો તો અમારા દરવાજા ખુલ્લા છે. સંજયે કહ્યું કે જો તે ૨૪ કલાકની અંદર મુંબઈ પાછો આવે તો તે દરેક વાત પર ચર્ચા કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે બળવાખોર ધારાસભ્યોએ પહેલા આવીને અમારી સાથે વાત કરવી જોઈએ.



સંજય રાઉતે કહ્યું કે જો ફ્લોર ટેસ્ટ થશે તો અમે જીતીશું કારણ કે ઘણા ધારાસભ્યો જે ગુવાહાટી ગયા છે તે અમારા પક્ષમાં છે અને મજબૂરીના કારણે તેઓ ત્યાંથી આવી શકતા નથી. બીજી તરફ ગુવાહાટીમાં એકનાથ શિંદેએ શિવસેનાના ૪૨ અને ૭ અપક્ષ ધારાસભ્યો સાથે ફોટા જાહેર કરીને તાકાત બતાવી છે. ગુવાહાટીની રેડિસન બ્લુ હોટલમાં શિવસેનાના ધારાસભ્યો સુધી પહોંચવાની પ્રક્રિયા ચાલુ છે. શિવસેનાના ધારાસભ્ય દીપક કેસરકર પણ ગુવાહાટી પહોંચી ગયા છે. આ સિવાય શિવસેનાના ઘણા સાંસદો પણ એકનાથ શિંદેના સંપર્કમાં હોવાનું કહેવાય છે. થાણેના સાંસદ રાજન વિચારે શિંદેના સંપર્કમાં છે. સાંસદ ભાવના ગવલી, ક્રિપાલ તુમાને અને રાજેન્દ્ર ગાવિત પણ શિંદે અને ભાજપના સંપર્કમાં હોવાનું કહેવાય છે.સંજય રાઉત બાદ ધારાસભ્ય કૈલાશ પાટીલે મીડિયા સાથે વાત કરી. તેમણે કહ્યું કે, હું મહામુશ્કેલીથી મુંબઈ પાછો આવ્યો છું. ત્યાં ઘણા ધારાસભ્યો એવા છે કે જેઓ પોતાની મજબૂરીને કારણે પાછા આવી શકતા નથી. કૈલાશ પાટીલે કહ્યું કે, અમને બળજબરીથી સુરત લઈ જવામાં આવ્યા હતા. હું ત્યાં ઘણા કિલોમીટર સુધી દોડ્યો. અમે શિવસેના સાથે દગો નહીં કરીએ. વધુમાં, શિવસેના નેતા સંજય રાઉતે કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે બહુ જલ્દી 'વર્ષા' બંગલામાં પરત ફરશે.

મહારાષ્ટ્રના મંત્રી એકનાથ શિંદેના બળવા બાદ ઉદ્ધવ ઠાકરે સરકારનું જવું લગભગ નક્કી થઈ ગયું છે. રાજકીય હલચલના ત્રીજા દિવસે ૩૭ કરતા વધુ ધારાસભ્ય ગુવાહાટી પહોંચી ચૂક્યા છે. એવામાં હવે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પાસે સત્તા બચાવી રાખવાના બે વિકલ્પ બચે છે.એકનાથ શિંદે સાથે જે રીતે શિવસેનાના ધારાસભ્ય ઊભા નજરે પડી રહ્યા છે, તેનાથી ઠાકરે સામે પોતાની ખુરશી બચાવી રાખવાથી વધારે હવે પાર્ટી અને સત્તા બચાવવાનો પડકાર ઊભો થઈ ગયો છે. એવામાં ઉદ્ધવ ઠાકરેએ બુધવારે ભાવુક સંદેશ પણ આપ્યો, જેમાં કહ્યું કે જો તેમના પોતાના લોકો તેમને મુખ્યમંત્રી પદ પર જોવા માગતા નથી તો તેઓ તેને છોડવા માટે તૈયાર છે. જોકે તેમણે કહ્યું કે, હું ઈચ્છું છું કે કોઈ શિવસૈનિક જ મુખ્યમંત્રી બને. તેનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે, ઠાકરે સત્તા બચાવવા માટે કોઈ પણ શિવસૈનિકને મુખ્યમંત્રી બનાવવા માટે પગલું વધારી શકે છે.શિવસેનમાંથી બળવો કરનારા એકનાથ શિંદેએ કોંગ્રેસ અને એનસીપી સાથે સંબંધ તોડવાને લઈને પોતાનું સખત વલણ બનાવી રાખ્યું છે અને પાર્ટીના તમામ ધારાસભ્ય તેમના સમર્થનમાં ઊભા નજરે પડી રહ્યા છે.

એવામાં શિવસેના સામે બીજો વિકલ્પ એ છે કે, કોંગ્રેસ અને એનસીપી સાથે ગઠબંધન તોડીને ભાજપ સાથે મળીને સરકાર બનાવી લે, કેમ કે શિવસેનામાં બળવા બાદ તો તેમની ખુરશી જવી નક્કી છે. એવામાં ભાજપ સાથે હાથ મળાવીને સત્તામાં જરૂર બન્યા રહેશે. એકનાથ શિંદે સતત ભાજપ સાથે મળીને સરકાર બનાવવાનું સૂચન આપી રહ્યા છે.

# મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં માત્ર ૧૩ ધારાસભ્યોએ હાજરી આપી

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ બળવોનું નેતૃત્વ કરી રહેલા એકનાથ શિંદેએ ૪૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે, પરંતુ પાર્ટીના નેતા સંજય રાઉતે આને પડકાર્યો છે. પાર્ટીના નેતાએ દાવો કર્યો છે કે શિંદે તરફ વળેલા ૪૦ ધારાસભ્યોમાંથી ઓછામાં ઓછા અડધા પાછા આવવા માટે ×સંપર્કમાં× છે.અહીં, રાજકીય સંકટ વચ્ચે, ઉદ્ધવ ઠાકરે દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં માત્ર ૧૩ ધારાસભ્યોએ હાજરી આપી હતી, જેનાથી ચિત્ર સાફ થઈ ગયું છે કે અઘાડી સરકારનું પતન લગભગ નિશ્ચિત છે.

દરમિયાન આજે સવારે, શિવસેનાના ત્રણ ધારાસભ્યો - દીપક કેસકર (સાવંતવાડીના ધારાસભ્ય), મંગેશ કુડાલકર (ચેમ્બુર) અને સદા સરવણકર (દાદર) આસામ પહોંચી ગયા છે કેસકરે કહ્યું, ×ગઈકાલે (એકનાથ) શિંદે પાસે શિવસેનાના ૩૭ ધારાસભ્યો હતા. આજે હું શિવસેનાના અન્ય ત્રણ ધારાસભ્યો અને એક અપક્ષ સાથે અહીં પહોંચ્યો હતો. આગામી થોડા કલાકોમાં બેથી ત્રણ આવવાની અપેક્ષા છે.×

શું મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની સરકાર પડી જશે? આ સવાલ એટલા માટે ઉભો થઈ રહ્યો છે કે શિવસેનાની 'ટીમ શિંદે'માં ૩૯ ધારાસભ્યો છે. શિંદેને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠેરવ્યા વિના પક્ષ તોડવા માટે શિવસેનાના ૩૭ ધારાસભ્યોની જરૂર હતી. બુધવારે રાત્રે ત્રણ અપક્ષ અને શિવસેનાના એક ધારાસભ્ય નીતિન



દેશમુખ મહારાષ્ટ્ર પરત ફર્યા હતા. આવી સ્થિતિમાં તેમની સાથે માત્ર ૩૧ ધારાસભ્યો જ બચ્યા હતા.

જો સૂત્રોનું માનીએ તો, રાત્રે શિવસેનાના ચાર ધારાસભ્યો ઉમેરવામાં આવ્યા હતા, જેની સંખ્યા ૩૫ થઈ ગઈ હતી. તે જ સમયે, ગુરુવારે સવારે દીપક કેસરકર, મંગેશ કુડાલકર, આશિષ જયસ્વાલ અને સદા સરવણકર ટીમ શિંદે સાથે જોડાયા અને આ સંખ્યા ૩૯ પર પહોંચી ગઈ. હવે અઘાડી સરકારનું પતન લગભગ નિશ્ચિત છે.

મહારાષ્ટ્રમાં બદલાયેલા રાજકીય સંકટ વચ્ચે મળી રહેલા અહેવાલો મુજબ એકનાથ શિંદે પાસે હાલમાં કુલ ૪૫ ધારાસભ્યનું સમર્થન છે, જેમાં સાત અપક્ષ ધારાસભ્યનો પણ સમાવેશ થાય છે, મહારાષ્ટ્રમાં આગામી તા ૩ જુલાઈના રોજ નવી સરકાર બની શકે તેવું જાણકારોનું કહેવું છે. મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ અથવા ભાજપના કોઈ અન્ય નવા મુખ્યમંત્રી બની શકે અને એકનાથ શિંદે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લે તેવી વાતો ચાલી રહી છે.

હાલની વર્તમાન સ્થિતિમાં શિવસેનાના ૫૫માંથી ૩૮ ધારાસભ્ય એકનાથ શિંદે સાથે છે જ્યારે ઉદ્ધવ ઠાકરે સાથે હવે ફક્ત ૧૭ ધારાસભ્ય રહ્યા છે, જેના કારણે ગમે તે ઘડીએ ઉદ્ધવ રાજીનામુ આપે તેવી શકયતા છે, જ્યારે એકનાથ શિંદે અને ભાજપ આજે રાજ્યપાલ સામે પોતાની પાસે બહુમતી હોવાનો દાવો કરી સરકાર રચવાના આમંત્રણની માગણી કરે તેવી શકયતા વચ્ચે રાજ્યપાલ હાલ કોરોનામાં સપડાયેલા હોય શુ થાય છે તેની સામે સૌની મીટ મંડાઈ છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે બુધવારે રાત્રે દક્ષિણ મુંબઈમાં તેમના સત્તાવાર નિવાસસ્થાનથી ઉપનગરીય બાંદ્રામાં પરિવારના ઘર 'માતોશ્રી'માં ગયા, શિવસેનાના નેતા એકનાથ શિંદેએ બળવો વચ્ચે રાજીનામું આપવાની ઓફર કર્યાના કલાકો પછી. બંગલો છોડતા પહેલા સરકારી કટોકટી અંગે પોતાનું મૌન તોડતા, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે જો બળવાખોર ધારાસભ્યો જાહેર કરે છે કે તેઓ તેમને (ઠાકરેને) મુખ્યમંત્રી તરીકે જોવા નથી માંગતા તો તેઓ પદ છોડવા માટે તૈયાર છે.બુધવારે ઠાકરેના કોરોના વાયરસથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ છે. તેમણે ૧૮ મિનિટના લાંબા વેબકાસ્ટમાં બળવાખોર નેતાઓ અને સામાન્ય શિવસૈનિકોને ભાવનાત્મક અપીલ કરી હતી. પોતે બિનઅનુભવી હોવાનો સ્વીકાર કરતાં તેણે કહ્યું હતું કે ગયા વર્ષના અંતમાં કરોડરજ્જુની સર્જરીને કારણે તે ઘણા લોકોને મળી શક્યો નહોતો.

# દ્રૌપદી મુર્મૂનું રાષ્ટ્રપતિ બનવું નક્કી, ૫.૫ લાખ કરતા વધુ વોટ મેળવી ઈતિહાસ રચશે !

નવીદિલ્હી,તા.૨૩

ઓડિશામાં સત્તારૂઢ બીજુ જનતા દળ (બીજેડી)નું સમર્થન મળ્યા બાદ દ્રહ્છ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂની ચૂંટણીનો માર્ગ વધુ સરળ બની ગયો છે. તે જ સમયે, આ સમગ્ર વિકાસથી પ્રભાવિત થયા વિના, વિપક્ષના ઉમેદવાર યશવંત સિંહા કહે છે કે, આ વિચારધારાની લડાઈ છે અને દેશને 'રબર સ્ટેમ્પ રાષ્ટ્રપતિ'ની જરૂર નથી. નવીન પટનાયકની પાર્ટીના સમર્થનથી, મુર્મૂ, જેઓ ઓડિશાના સંથાલ સમુદાયના છે, તેમની પાસે લગભગ ૫૨ ટકા વોટ (લગભગ ૫,૬૭,૦૦૦ વોટ) છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે કુલ ૧૦,૮૬,૪૩૧ વોટ છે. મુર્મૂ માટેના આ સંભવિત મતોમાંથી ૩,૦૮,૦૦૦ મત ભાજપ અને તેના સાથી પક્ષોના છે. બીજી તરફ, બીજેડી પાસે લગભગ ૩૨,૦૦૦ વોટ છે, જે કુલ વોટ વેલ્યુના લગભગ ૨.૯ ટકા છે.

બીજેડી પ્રમુખ અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે રાજ્ય વિધાનસભાના તમામ સભ્યોને ૧૮ જુલાઈએ યોજાનારી ચૂંટણીમાં ૬૪ વર્ષીય મુર્મૂને સમર્થન આપવા વિનંતી કરી હતી. પટનાયકે, જેઓ હાલમાં ઈટાલીના પ્રવાસે છે, તેમણે મુર્મૂને ઓડિશાની પુત્રી ગણાવતા તેમને સમર્થન આપવાની અપીલ કરી હતી.તે જ સમયે, બુધવારે સવારે ભુવનેશ્વર જતા પહેલા, મુર્મૂએ વહેલી સવારે ઓડિશાના મયુરભંજ જિલ્લાના આદિવાસી બહુલ રાયરંગપુરમાં શિવ મંદિરમાં ઝાડુ માર્યું. ઑગસ્ટ ૨૦૨૧માં ઝારખંડના રાજ્યપાલના પદ પરથી નિવૃત્ત થયા પછી, વહેલી સવારે મંદિરની સફાઈ કરવી એ મુર્મૂની દિનચર્યાનો એક ભાગ બની ગયો હતો. અન્ય દિવસોની જેમ, મુર્મૂએ સ્નાન કર્યા પછી મંદિરમાં પૂજા કરી અને નંદીના કાનમાં તેમની ઈચ્છાઓ કહી. ઉલ્લેખનીય છે કે, ભાજપ અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ મંગળવારે રાત્રે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે મુર્મૂના નામની જાહેરાત કર્યા બાદ કેન્દ્ર સરકારે તેમને ઝેડ પ્લસ સુરક્ષા પૂરી પાડી છે.મંદિરમાં પૂજા દરમિયાન સીઆરપીએફના જવાનોએ મંદિરને ઘેરી લીધું હતું. જોકે, કોંગ્રેસ વિધાયક દળના નેતા નરસિંહ મિશ્રાએ કહ્યું કે, ભાજપે ઈલેક્ટોરલ કોલેજમાં બીજેડીના મતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મુર્મૂને નામાંકિત કર્યા છે. જો ચૂંટાયા તો મુર્મૂ દેશના પ્રથમ આદિવાસી અને સૌથી યુવા રાષ્ટ્રપતિ હશે, અને અન્નાદ્રમુક અને વાયએસઆર કોંગ્રેસ જેવા પ્રાદેશિક પક્ષોનું તેમને સમર્થન પણ મળશે.

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, મુર્મૂ ૨૪ જૂને તેમનું ઉમેદવારી પત્ર ભરશે અને આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દ્રહ્છના વિવિધ વરિષ્ઠ નેતાઓ તેમની સાથે હાજર રહેશે. તે જ સમયે, વિપક્ષ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર યશવંત સિન્હા ૨૭ જૂને ફોર્મ ભરશે. બુધવારે, તેમણે દિલ્હીમાં એનસીપીના કાર્યાલયમાં તેમની પ્રથમ ચૂંટણી પ્રચારની રણનીતિ સાથે સંબંધિત એક બેઠક યોજી હતી. પત્રકારો સાથે વાત કરતા ૮૪ વર્ષીય સિંહાએ કહ્યું કે, રાષ્ટ્રપતિની ચૂંટણી કોઈ વ્યક્તિગત લડાઈ નથી પરંતુ તે દેશ સાથે જોડાયેલો મુદ્દો છે.

૨૦૧૮માં બીજેપીથી અલગ થઈ ગયેલા સિંહા હંમેશાં નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારની ટીકા કરતા રહ્યા છે અને કહે છે, હું તમામ રાજકીય પક્ષોનો આભારી છું જેમણે મને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તક આપી. આ ચૂંટણી મારી અંગત લડાઈ નથી. ઈલેક્ટોરલ કોલેજે દેશ સમક્ષના મુદ્દાઓના આધારે નિર્ણય લેવાનો હોય છે. અમે પ્રચાર માટે દેશના વિવિધ સ્થળોએ જઈશું. અમે તેના માટે વ્યૂહરચના બનાવી રહ્યા છીએ. હું દ્રૌપદી મુર્મૂને અભિનંદન આપું છું, પરંતુ આ ચૂંટણી 'હું વિરુદ્ધ તેમની' નથી, આ એક વૈચારિક હરીફાઈ છે. દેશમાં રબર સ્ટેમ્પ પ્રમુખ ના હોવા જોઈએ.

સિન્હાની ચૂંટણી રણનીતિ સંબંધિત બુધવારે યોજાયેલી બેઠકમાં જયરામ રમેશ (કોંગ્રેસ), કે. ના. શાસ્ત્રી અને સુધીન્દ્ર કુલકર્ણી જેવા નેતાઓએ હાજરી આપી હતી. બાદમાં એક નિવેદનમાં સિન્હાએ કહ્યું કે, જો તેઓ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાશે, તો તેઓ ડર કે પક્ષપાત વિના બંધારણના મૂળભૂત મૂલ્યો અને વિચારોને જાળવી રાખશે. તેમણે આરોપ લગાવ્યો કે, બંધારણના સંઘીય માળખા પરના હુમલાઓ વચ્ચે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોના વૈધાનિક અધિકારો અને સત્તાઓ છીનવી લેવાનો પ્રયાસ કરી રહી છે, જે સંપૂર્ણપણે અસ્વીકાર્ય હશે.તાજેતરના આંકડાઓ અનુસાર, સંસદના બંને ગૃહોના કુલ ૭૭૬ સભ્યોમાંથી ભાજપ પાસે કુલ ૩૯૩ સભ્યો છે. આમાં રાજ્યસભાના ચાર નામાંકિત સભ્યોનો સમાવેશ થતો નથી કારણ કે તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કરી શકતા નથી. આ સંદર્ભમાં ભાજપ સ્પષ્ટ બહુમત ધરાવે છે. બીજી તરફ, જનતા દળ (યુનાઈટેડ)ના ૨૧ સાંસદો સિવાય રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી, અપના દળ અને પૂર્વોત્તરના પ્રાદેશિક અને સહયોગી પક્ષોના સાંસદોની સંખ્યા ઉમેરવામાં આવે તો ભાજપના ઉમેદવાર વધુ મજબૂત બને છે.

# ભાજપે દક્ષિણ ઝોનની ૩૫ વિધાનસભા બેઠકો માટે પ્રભારીઓની નિમણૂંક કરી

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીને આડે હવે માત્ર છ મહિનાથી પણ ઓછો સમયગાળો બાકી રહ્યો છે. ત્યારે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા રાજ્યમાં રેકોર્ડબ્રેક ૧૫૦થી વધુ બેઠકો જીતવાના બુલંદ ઈરાદા સાથે જોરશોરથી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ઉત્તર ઝોન, મધ્ય ઝોન અને સૌરાષ્ટ્ર ઝોન હેઠળ આવતી વિધાનસભાની બેઠકો માટે પ્રભારીઓની નિમણૂંક કર્યા આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા દક્ષિણ ગુજરાત ઝોનની ૩૫ બેઠકો માટે પ્રભારીઓની નિમણૂંક કરી દેવામાં આવી છે.

નર્મદા જિલ્લાની નાંદોદ બેઠક માટે ધર્મેશ પંચાલ, ડેડીયાપાડા બેઠક માટે મહેશ વસાવા, ભરૂચ જિલ્લાની જંબુસર બેઠક માટે ધીરૂભાઈ ગજેરા, વાગરા બેઠક માટે રાજેશ દેસાઈ, ઝઘડીયા બેઠક માટે રમેશભાઈ ઉકાણી, ભરૂચ બેઠક માટે મુળજીભાઈ ઠક્કર અને અંકલેશ્ર્વર બેઠક માટે કાંતિભાઈ ભંડેરી, સુરત જિલ્લાની માંગરોળ બેઠક માટે યોગેશ પટેલ, માંડવી બેઠક માટે જનક પટેલ, કામરેજ બેઠક માટે અમિતાબેન કોળી, ચોર્યાસી બેઠક માટે કૌશલભાઈ દવે, બારડોલી બેઠક માટે સમીરભાઈ પટેલ, ઓલપાટ બેઠક માટે મનિષભાઈ પટેલ અને મહુવા બેઠક માટે સુરેશભાઈ મકવાણાની વરણી કરવામાં આવી છે. જ્યારે સુરત શહેરની પૂર્વ વિધાનસભા બેઠક માટે ધર્મેન્દ્ર મિસ્ત્રી, ઉત્તર બેઠક માટે પરેશભાઈ પટેલ, વરાછા રોડ બેઠક માટે સીએમ પટેલ, કારંજ બેઠક માટે ભરતભાઈ પટેલ, લિંબાયત બેઠક માટે ડો.ભરત ડાંગર, ઉધના બેઠક માટે આશિષભાઈ દેસાઈ, મજુરા બેઠક માટે ડો.જીવરાજ ચૌહાણ, કતારગામ બેઠક માટે ડો.શિરિષ ભટ્ટ અને પશ્ર્ચિમ વિધાનસભાની બેઠક માટે અશ્ર્વિન પટેલની નિમણૂંક કરવામાં આવી છે. તાપી જિલ્લાની વ્યારા બેઠક માટે છોટુભાઈ પાટીલ અને નિઝર બેઠક માટે નવલ પટેલ, ડાંગ વિધાનસભા બેઠક માટે રાજેન્દ્રસિંહ કુંવર, નવસારી જિલ્લાની જલાલપોર બેઠક માટે મહેન્દ્રભાઈ પટેલ અને નવસારી બેઠક માટે માધુભાઈ રાઉત, ગણદેવી બેઠક માટે ગણેશભાઈ બીરારી, વાસંદા બેઠક માટે બાબુભાઈ જીરાવાલા, વલસાડ જિલ્લાની ધરમપુર બેઠક માટે લલિતભાઈ વેકરીયા, વલસાડ બેઠક માટે પ્રકાશચંદ્ર પટેલ, વલસાડ જિલ્લાની પારડી બેઠક માટે હેમંતભાઈ ટેલર, વલસાડ જિલ્લાની કપરાડા બેઠક માટે કરશનભાઈ ગોંડલીયા, વલસાડ જિલ્લાની ઉમરગામ બેઠક માટે કરશનભાઈ ટીલવાની નિમણૂંક કરવામાં આવી છે.

## તંત્રી સ્થાનેથી...

# શિવસેના સાથે 'ખેલા'

શિવસેનામાં બળવો થયો છે તે આશ્ચર્યની વાત નથી. જ્યારે શિવસેનાએ વિધાનસભા ચૂંટણી પરિણામો બાદ ભાજપ સાથે નાતો તોડીને પોતાના ઘોર વિરોધી પક્ષો - રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી હતી, ત્યારે જ એ સ્પષ્ટ થઈ ગયું હતું કે એ કજોડા સરકાર લાંબુ ચાલવાની નથી. વાસ્તવમાં ત્યારે એ પણ સ્પષ્ટ થઈ ગયું હતું કે આ વિચિત્ર પ્રયોગની સૌથી મોટી કિંમત શિવસેનાએ જ ચૂકવવી પડશે. એમ તો સત્તાના લોભમાં પહેલાં પણ પરસ્પર વિરોધી પક્ષો એક સાથે આવતા રહ્યા છે, પરંતુ શિવસેનાએ એનસીપી અને કોંગ્રેસની સાથે જઈને પોતાના એ આધારને પોતાના હાથે જ નષ્ટ કરવાનું કામ કર્યું, જેના પર તેની સમસ્ત રાજનીતિ કેન્દ્રિત હતી. હિંદુત્વને પોતાની રાજનીતિનો આધાર ગણાવનારી શિવસેનાએ એનસીપી અને કોંગ્રેસના ખોળામાં બેસીને પોતાની જ વિચારધારાથી મોં ફેરવી લીધું. તેને કારણે તે દિવસે-દિવસે પોતાની શાખ ગુમાવતી જતી હતી. તેને શિવસેનાના સમર્થક, કાર્યકર્તા અને નેતા અનુભવી પણ રહ્યા હતા, અને વારે-તહેવારે તેને વ્યક્ત પણ કરતા હતા, પરંતુ મુખ્યમંત્રીની ખુરશીની લાલચમાં ઉદ્ધવ ઠાકરે એ બધા સામે આંખ મિંચામણાં કરતા રહ્યા. તેઓ એવા કેટલાય નિર્ણયો પણ કરતા રહ્યા, જે શિવસેનાના મૂળ ચરિત્રથી બિલકુલ પણ મેળ નહોતા ખાતા. ત્યારે તો હદ થઈ ગઈ, જ્યારે એવા નિર્ણયોનો બચાવ કરતાં શિવસેનાના નેતાઓ તરફથી બાળ ઠાકરેના વિચારોને પણ ફગાવવાની કોશિશ કરવામાં આવી. એ સત્તાની ભૂખનું જ પરિણામ હતું કે શિવસેના કોંગ્રેસી નેતાઓ તરફથી એ વીર સાવરકરના અપમાનની પણ અવગણના કરતી રહી, જેમને તે પોતાનો પ્રેરણાસ્રોત ગણાવે છે.

હાલમાં એ કહેવું કઠિન છે કે મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકારના વરિષ્ઠ મંત્રી એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાના ધારાસભ્યોએ જે બળવો કર્યો, તેનું પરિણામ શું હશે, પરંતુ આ સરકાર રહે કે બચે, ઉદ્ધવ ઠાકરેની મુશ્કેલીઓ ઓછી થવાની નથી. મહારાષ્ટ્રની ગઠબંધન સરકારમાં બધું ઠીકઠાક નથી, તેનું એક પ્રમાણ હાલમાં પહેલાં રાજ્યસભા ચૂંટણીમાં મળ્યું અને પછી વિધાન પરિષદની ચૂંટણીમાં. એ દિલચસ્પ છે કે જ્યારે મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકાર ભારે સંકટમાં છે, ત્યારે આ સરકારની રચનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર અને તેના નિર્ણયોને પ્રભાવિત કરનાર એનસીપી પ્રમુખ શરદ પવાર એમ કહી રહ્યા છે કે શિવસેનામાં બળવો તેનો આંતરિક મામલો છે. તેના પહેલાં કોંગ્રેસ તરફથી એમ કહેવાતું રહ્યું છે કે તે આગામી ચૂંટણી પોતાના દમ પર લડશે. એ તો ઉદ્ધવ ઠાકરે જ જણાવી શકે કે તેમને આ બુનિયાદી વાત કેમ ન સમજાઈ કે તે જે પક્ષોના સહયોગથી સરકાર ચલાવી રહ્યા છે, તેઓ જ શિવસેનાનાં મૂળિયાં ખોદી રહ્યા છે?

# એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈ

પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૧૬૪૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૫૦૮૫ કરોડનું ટર્નઓવર : ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ. ૪૬ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૦,૩૮૩ સોદાઓમાં કુલ રૂ.૧૬,૭૭૯.૦૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૧૬૪૮.૪૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૦૮૪.૮૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૬,૬૦૯ સોદાઓમાં કુલ રૂ.૫,૮૩૮.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૯૧૦ અને નીચામાં રૂ.૫૦,૬૦૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪૪ ઘટી રૂ.૫૦,૬૬૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૬૪ ઘટી રૂ.૪૦,૪૩૬ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૫,૦૩૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૮૦૮ના ભાવે ખૂલી, રૂ.૨૨૨ ઘટી રૂ.૫૦,૬૭૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૩૭૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૪૦૦ અને નીચામાં રૂ.૫૯,૮૨૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૭૬૯ ઘટી રૂ.૫૯,૮૭૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ. ૭૨૮ ઘટી રૂ.૬૦,૨૪૨ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૬૬૪ ઘટી રૂ.૬૦,૩૩૩ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૪૩૭ સોદાઓમાં રૂ.૨,૩૧૩.૪૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૬૦ ઘટી રૂ.૨૧૪.૫૦ અને જસત જૂન વાયદો રૂ.૩.૬૫ ઘટી રૂ.૩૧૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૯.૯૦ ઘટી રૂ.૭૨૦.૫૦ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૮,૪૯૩ સોદાઓમાં કુલ રૂ.૩,૩૧૬.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૨૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૩૧૨ અને નીચામાં રૂ.૮,૦૮૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૮ ઘટી રૂ.૮,૨૯૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૬૦ ઘટી રૂ.૫૨૬.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૭૪૨ સોદાઓમાં રૂ.૧૮૦.૬૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૪,૯૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૫,૪૦૦ અને નીચામાં રૂ.૪૩,૮૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪૦ ઘટી રૂ.૪૪,૯૯૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૦૧૭.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૦૪.૨૪ કરોડનાં ૪,૭૩૪.૩૦૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૪૩૪.૦૧ કરોડનાં ૫૬૬.૭૦૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૫૨૦.૭૪ કરોડનાં ૧૮,૫૬,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૭૯૫ કરોડનાં ૩૩૮૬૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૫૯.૮૧ કરોડનાં ૩૭૮૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૦.૮૧ કરોડનાં ૨૦૧.૨૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૭૩૮.૦૫૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૫૮.૧૩૩ ટન, ક્રૂડ તેલમાં ૪૫૬૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૪૪૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૧૩૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૯૧.૪૮ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૫.૭૪ કરોડનાં ૬૩૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જૂન વાયદો ૧૪,૩૮૪ના સ્તરે ખૂલી, ૧૦૨ પોઈન્ટ ઘટી ૧૪,૨૯૧ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૫,૦૮૪.૮૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૯.૬૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૩.૪૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૧૪૩.૪૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૮૭.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૨૭.૯૭ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ જૂન રૂ.૫૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦.૯૫ અને નીચામાં રૂ.૪.૧૫ રહી, અંતે રૂ.૯.૪૫ ઘટી રૂ.૫.૯૫ થયો હતો. જ્યારે સોનું જુલાઈ રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૨.૫૦ અને નીચામાં રૂ.૧૫૬ રહી, અંતે રૂ.૧૯ ઘટી રૂ.૧૭૪.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૩૦ અને નીચામાં રૂ.૩૨૦.૫૦ રહી, અંતે રૂ.૪૫૦.૫૦ ઘટી રૂ.૩૫૧.૫૦ થયો હતો. સોનું-મિની જૂન રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૩ અને નીચામાં રૂ.૯૦ રહી, અંતે રૂ.૬૩ ઘટી રૂ.૧૧૨.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૫.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯.૮૫ અને નીચામાં રૂ.૧૧.૭૯ રહી, અંતે રૂ.૧.૫૬ વધી રૂ.૧૫.૬૫ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૯૨ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૩.૮૦ અને નીચામાં રૂ.૩૧૩.૩૦ રહી, અંતે રૂ.૩૩.૧૦ વધી રૂ.૩૨૧.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૫૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૫.૫૦ અને નીચામાં રૂ.૨.૧૦ રહી, અંતે રૂ.૦.૩૦ ઘટી રૂ.૪.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૪ અને નીચામાં રૂ.૧૫૫ રહી, અંતે રૂ.૨૭૮.૫૦ વધી રૂ.૪૨૮ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૯ અને નીચામાં રૂ.૩૭૬.૫૦ રહી, અંતે રૂ.૮૫.૫૦ વધી રૂ.૪૯૩ થયો હતો. સોનું-મિની જૂન રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૬૪.૫૦ અને નીચામાં રૂ.૧૬ રહી, અંતે રૂ.૩૩.૫૦ વધી રૂ.૫૭ થયો હતો.

# વડાપ્રધાને નવા વાણિજ્ય ભવનનું ઉદ્દઘાટન કર્યું સરકારની યોજનાઓ તેમના લક્ષ્ય સુધી પહોંચે છે, તો જ દેશના કરદાતાનું સન્માન થાય છે.




નવીદિલ્હી,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના નવા કેમ્પસ, 'વાણિજ્ય ભવન' અને પોર્ટલ પણ લોન્ચ કર્યું. આ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ પણ હાજર હતા. આ દરમિયાન પીએમ મોદીએ પોતાનું સંબોધન પણ આપ્યું હતું.

પીએમ મોદીએ કહ્યું કે આ બંને પ્રોજેક્ટનું લક્ષ્ય સરકારી કામમાં ઝડપ લાવવાનું છે. તેમણે કહ્યું કે સરકારની યોજનાઓ વર્ષો સુધી વિલંબિત ન થવી જોઈએ, તે સમયસર પૂર્ણ થાય છે, સરકારની યોજનાઓ તેમના લક્ષ્ય સુધી પહોંચે છે, તો જ દેશના કરદાતાનું સન્માન થાય છે. હવે અમારી પાસે પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનના રૂપમાં એક આધુનિક પ્લેટફોર્મ પણ છે.

પીએમ મોદીએ કહ્યું કે કોમર્શિયલ બિલ્ડિંગ પણ આ સમયગાળા દરમિયાન વાણિજ્ય ક્ષેત્રે અમારી સિદ્ધિઓની નિશાની છે. મને યાદ છે કે, શિલાન્યાસ સમયે મેં વૈશ્વિક ઈનોવેશન ઈન્ડેક્સમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આજે આપણે વૈશ્વિક ઈનોવેશન ઈન્ડેક્સમાં ૪૬મા ક્રમે છીએ અને સતત સુધારો કરી રહ્યા છીએ.

આ બંને વેપાર અને વાણિજ્ય સંબંધિત અમારા શાસનમાં સકારાત્મક પરિવર્તન અને આત્મનિર્ભર ભારત માટેની અમારી આકાંક્ષા વિશે વાત કરે છે. આજે જ્યારે આ ઈમારતનું ઉદ્દઘાટન થઈ રહ્યું છે ત્યારે ૩૨ હજારથી વધુ બિનજરૂરી કમ્પ્લાયન્સ દૂર કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ગયા વર્ષે દેશે નક્કી કર્યું હતું કે દરેક પડકારો છતાં, તેણે ૪૦૦ અબજ ડોલર એટલે કે ૩૦ લાખ કરોડ રૂપિયાની વેપારી નિકાસનો માઈલસ્ટોન પાર કરવાનો છે. આપણે આને પણ પાર કર્યું છે અને ૪૧૮ બિલિયન ડોલર એટલે કે ૩૧ લાખ કરોડ રૂપિયાની નિકાસનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે સરકારના દરેક મંત્રાલય, દરેક વિભાગ એક સમાન ધ્યેય માટે સમાન અભિગમ સાથે નિકાસ વધારવાને પ્રાથમિકતા આપી રહ્યા છે. એમએસએમઈ મંત્રાલય હોય કે વિદેશ મંત્રાલય હોય, કૃષિ કે વાણિજ્ય મંત્રાલય હોય, બધા એક સમાન ધ્યેય માટે સમાન પ્રયાસો કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે 'વોકલ ફોર લોકલ અભિયાન', 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' યોજના દ્વારા સ્થાનિક ઉત્પાદનો પર સરકારના ભારથી પણ નિકાસ વધારવામાં મદદ મળી છે. હવે આપણા ઘણા ઉત્પાદનો પ્રથમ વખત વિશ્વના નવા દેશોમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે.

# પાંચમા દિવસની કથા પ્રારંભે બાપુએ જણાવ્યું કે શંકરાચાર્યના મતે યોગ શું છે.

**માનસ વ્યાસગુફા મહેશ એન.શાહ દિવસ-૫ તારીખ ૨૨ જૂન**

**રજ સૂકી હોય છે અને એ મેળવનાર સુખી હોય છે!**
**સમસ્ત રાગોથી મુક્ત થવું એ વિગત રાગ છે.**
**શબ્દાતિત, ગુણાતિત અને ઈન્દ્રિયાતિત સ્થિતિ એ વિગતરાગ છે.**
**શ્રેષ્ઠને છોડવું એ ત્યાગ છે નિમ્નને છોડવું એ ત્યાગ નથી.**
**પાંચમા દિવસની કથા પ્રારંભે બાપુએ જણાવ્યું કે શંકરાચાર્યના મતે યોગ શું છે.**



અપરીગ્રહ વાક્ નિરોધઃ - વાણીનો નિરોધ યોગ છે.કોઈની આશા ન કરવી એ પણ યોગનું રૂપ છે.બાપુએ પૂછ્યું રજ સૂકી હોય કે ભીની? રજ સૂકી હોય છે અને એ મેળવનાર સુખી હોય છે! રજનું અંજન થઈ શકે છે?

પરસત પદ પાવન સોક નસાવન પ્રગટ ભઈ તપપુંજ સહિ...અહલ્યાના આ પાવન પ્રસંગમાં રજનું મહત્વ દેખાય છે.શંકરાચાર્યજી કહે છે ગીતાનું ગાયન કરો, અને સહસ્રનામનો પાઠ કરો.અહીં એક જ નામનું વારંવાર રટણ પણ જાણે સહસ્રનામ છે.ધયેયં શ્રીપતિરૂપં... શ્રીપતિ રૂપનું ધ્યાન ધરો.એટલે કે શ્રીપતિ-વિષ્ણુનાં રૂપનું ધ્યાન કરો એનો અર્થ એ છે કે સંકીર્ણતા નહીં પણ વિશાળતાનું ધ્યાન કરો.વ્યાસનો અર્થ પણ વિશાળ છે.અને તમારી બુદ્ધિ અને ચિત્તને કોઈ સજ્જનની પાસે લઈ જાઓ.તમારી પાસે કોઇ વિત્ત છે તો એ ગરીબોમાં વહેંચી દો. બ્રહ્મસૂત્ર ઉપનિષદ આદિ ત્રણ ગ્રંથોનું અધ્યયન કરે એને જ આચાર્ય પદ મળે છે.શાંકરભાષ્ય, ગીતાભાષ્ય, ઉપનિષદ એ જ રીતે બ્રહ્મસૂત્રનુ અવલોકન કરતા વ્યાસજી ખૂબ જ ક્લિષ્ટ દેખાય છે.જાણે કે અક્ષર થોડા અર્થ ઘણા છે.બાપુએ કહ્યું કે આમ તો બધી જ સંખ્યા ઉત્તમ છે.તો પણ ૯નો અંક પૂર્ણ છે અને શૂન્ય છે, રિક્ત-ખાલી પણ છે.મંગલાચરણમાં નવની વંદના કરી છે.રામચરિતમાનસમાં અષ્ટક પણ ઘણા છે, સપ્તત પણ છે અને પંચક પણ ઘણા છે.મંગલાચરણના સાત શ્લોકમાં એક-એક શ્લોક એક-એક સોપાનનું પ્રતિનિધિત્વ કરે છે એવું કહેવાય છે.પરંતુ આ સાત શ્લોકમાં નવની વંદના કરી છે. પ્રથમ શ્લોકમાં વાણી અને વિનાયકની,બીજા શ્લોકમાં ભવાની અને શંકરની,ત્રીજા શ્લોકમાં બોધમયી ગુરુ શિવની,ચોથા શ્લોકમાં કવિશ્વર વાલ્મીકિ અને કપીશ્વર હનુમાનની,એ પછી માત્ર સીતાજી વંદના અને સાતમા શ્લોકમાં રામની વંદના આ રીતે ૯ની વંદના થયેલી છે.રામચરિતમાનસમાં ગોસ્વામીજીને દ્રઢતા પૂર્વક સિદ્ધ કરવું હોય તો એણે નવની સંખ્યામાં રાખે છે.પરશુરામજીની સ્તુતિમાં નવ વખત જય જય શબ્દ આવે છે.બાપુએ કહ્યું કે જે રીતે સ્વેદજ,અંડજ જીવ એ જ રીતે પ્રકાશથી જન્મેલા આપણે બધા જંતુઓ પ્રકાશ સૂર્યના વંશજ કહેવાઈએ. સુમંત રામને વનમાં છોડી અને પાછા જાય છે ત્યારે નવ પ્રકારે અફસોસ બતાવે છે.તો અહીં ગ્રંથો,સંતો,ગુરુકૃપા,અનુભૂતિ આ બધાને અંતે વ્યાસજીમાં નવ પ્રકારના વિરાગની વાત દેખાય છે.આમ તો વ્યાસપુત્ર શુકદેવજીનો વૈરાગ શ્રેષ્ઠ.શુક પરમહંસના પણ પરમહંસ છે.શુકદેવજી જન્મની સાથે પોતાની નાભિની ઓરને ગળામાં લઈ અને નીકળી ગયેલા. શુકદેવ આમ્રફળ છે.એક ફળમાં જો આટલો વૈરાગ હોય તો જે શાખામાંથી એ ફળ આવ્યું છે તે વ્યાસનો વૈરાગ કેવો હશે!વ્યાસ લાગે છે સંસારી પણ ફળનું દર્શન કરવાથી થાય કે કેટલા વિરાગી હશે.બુદ્ધિ તર્ક પણ કરે છે જ્યારે વ્યાસ શુકદેવજીને શોધવા માટે નીકળે છે ત્યારે મમતા દેખાય છે.જોગ ભોગ મમહ રાખઈ ગોઈ...

વ્યાસના સંસારની પાછળ વૈરાગ્ય છે.વ્યાસનો વિરાગ વિશેષ પ્રકારનો રાગ છે.વિશેષ લગાવ છે. મહાભારત સુધી વ્યાસ કદાચ રૂખા-સૂખા હતા કારણ કે મહાભારત પહેલા જય સંહિતા નામથી ઓળખાતું.એ પછી શ્રીમદભાગવત કથામાં કૃષ્ણ રસ વહે છે અને એમાં પણ દશમસ્કંધ વ્યાસજીમાં વિગતરાગ દેખાય છે.સમસ્ત રાગોથી મુક્ત થવું એ વિગત રાગ છે.શબ્દાતિત,ગુણાતિત અને ઈન્દ્રિયાતિત સ્થિતિ તે વિગતરાગ છે.એક તણખલાની જેમ બધું જ છુટી જાય છે.બાપુએ કહ્યું કે શ્રેષ્ઠને છોડવું એ ત્યાગ છે નિમ્નને છોડવું એ ત્યાગ નથી.સત્યને વિશ્વ મંગળ માટે ત્યાગ કરવો એ પરમ વૈરાગ છે.વિશ્વ શાંતિ માટે પોતાની શાંતિનો ત્યાગ કરે છે એ પણ વ્યાસ વૈરાગ છે.વસ્ત્રોનો ત્યાગ,કોઈના માટે શરીરનો ત્યાગ વ્યાસ કહે છે વૃત્તિનો ત્યાગ વૈરાગ છે.પ્રેમ માર્ગમાં પ્રિયજનના વિરહમાં પોતાના પ્રાણનો ત્યાગ એ પણ વૈરાગ છે.જે રીતે દશરથ રામના વિયોગમાં પ્રાણનો ત્યાગ કરે છે.

કથા પ્રવાહમાં સંક્ષેપમાં શિવ વિવાહની કથા કરી અને રામજન્મ સુધીની કથાનું વિસ્તારપૂર્વક ગાયન કરી આજની કથાને વિરામ અપાયો.

# ગુરૂ વચનામૃત...મનને સુંદર બનાવવું હોય તો પાપ કર્મોથી બચવાનું છે.




જો મનને સુંદર બનાવવું છે,આ મનને આનંદ પ્રદાન કરવો છે તો અમારે પાપ કર્મોથી બચવાનું છે. જો અમે ઘૃણા અને નફરત જેવા પાપ કર્મોથી મુક્ત છીએ તો અમારા જીવનમાં શાંતિ અવશ્ય આવશે. વર્તમાન સમયમાં માનવ દુઃખી અને પરેશાન છે કારણ કે માનવ માનવ વચ્ચેનું અંતર વધ્યું છે.આ અંતર વધવાનું કારણ છે પ્રભુ પરમાત્માને માનવ ભુલી ગયો છે.પ્રભુ પરમાત્માને પોતાના જીવનનું અંગ બનાવવાથી જ સંસારનાં તમામ સુખો અને આનંદ મળે છે.પ્રભુ સર્વવ્યાપક હોવા છતાં જ્યારે આપણે પ્રભુ પરમાત્માને ભુલી જઈએ છીએ તો માનવ મનમાં તે ગેરહાજર બની જાય છે.

ઘણીવાર મનથી પ્રભુનું નામ સુમિરણ કરવામાં આવે છે તે સમયે જીભથી નામનું ઉચ્ચારણ કરવામાં ન આવે પરંતુ મન નિરાકાર પ્રભુ સાથે જોડાયેલું હોય તો તે સાચું સુમિરણ કહેવાય છે.બીજી તરફ જીભથી તો નામ સુમિરણ કરવામાં આવે પણ મન બીજે ભટકતું હોય તો તેને સુમિરણ કહેવાતું નથી.મન નિરાકાર પરમાત્માની સાથે જોડાયેલું છે તેની આપણને ખબર કેવી રીતે પડે? એક બલ્બ છે અને તે પ્રકાશ આપી રહ્યો છે એનો અર્થ એ છે કે તેનો સબંધ વિજળી સાથે જોડાયેલો છે.બલ્બ પ્રકાશ નથી આપતો તેનો અર્થ છે કે તે વિજળી સાથે જોડાયેલ નથી,તેવી જ રીતે એક ગુરૂભક્તની વાણીમાં મીઠાશ છે, કર્મ નેક છે, મન પરોપકારી છે અને ક્યારેય તેઓ કોઈનું દિલ દુભાવતા નથી તો સમજવું કે તેમનો સબંધ પરમાત્મા સાથે જોડાયેલો છે.

એક વ્યક્તિ ચાલતાં ચાલતાં રસ્તાની બાજુ પરના થાંભલા સાથે ટકરાઇ જાય છે,તેને ઈજાઓ પહોચે છે.કોઈએ તેમને પૂછ્યું કે ભાઇ સાહેબ..! શું આપશ્રીની દ્રષ્ટિ કમજોર બની ગઇ છે? આંખોમાં નંબર આવી ગયા છે? ત્યારે તે વ્યક્તિએ જવાબ આપ્યો કે મારી આંખો તો બિલ્કુલ બરાબર છે.હમણાં મહીના પહેલાં જ આંખોના સ્પેશ્યાલીસ્ટ પાસે આંખોની તપાસ કરાવી હતી અને તેમને મારી આંખો બિલ્કુલ સારી હોવાનું જણાવ્યું હતું,તેમછતાં પણ આપ રસ્તાની બાજુના થાંભલા સાથે કેવી રીતે ટકરાઇ ગયા..? ત્યારે પેલી વ્યક્તિ કહે છે કે મારી આંખોમાં રોશની જે મસ્તિષ્કામાંથી આવે છે તે પણ યોગ્ય રીતે કાર્ય કરી રહી છે પરંતુ શું કરૂં..? હું જ્યારે ચાલી રહ્યો હતો ત્યારે મારૂં ધ્યાન બીજી તરફ હતું. હું વિચારોમાં વ્યસ્ત બની શરીરથી ચાલી રહ્યો હતો.આમ મસ્તિષ્કમાંથી રોશની પણ આવી રહી છે,બાહ્ય આંખોમાં કોઇ ગરબડ ના હોવા છતાં રસ્તાની બાજુમાંના થાંભલાની સાથે માનવી અથડાઈ જાય છે કારણ કે ધ્યાન કંઈક બીજી જગ્યાએ લાગેલું હતું.શરીર ચાલતું હતું પરંતુ મનની ગેરહાજરી હતી જેના કારણે થાંભલા સાથે ટકરાઇ ઈજા પહોંચી રહી છે,તેવી જ રીતે જ્યારે નિરાકાર પ્રભુ પરમાત્માનું ધ્યાન આ મનમાંથી હટી જાય છે તો પ્રભુ માનવ જીવનમાંથી ગેરહાજર બની જાય છે.જ્યારે જ્યારે માનવ આ નિરાકાર પ્રભુ પરમાત્માને મનથી ભુલી જાય છે તેનું પ્રભુની સાથેનું ધ્યાન ભંગ થાય છે ત્યારે તે અશાંતિમાં ડૂબી જાય છે,આનંદથી દૂર થતો જાય છે.પ્રભુ પરમાત્માને જેને પણ અંતરમાં સ્થાન આપ્યું,પ્રભુની યાદમાં મસ્ત છે,પ્રભુના ધ્યાનમાં મસ્ત છે,વાસ્તવમાં તે જ સાચો આનંદ પ્રાપ્ત કરે છે.પ્રભુના ધ્યાનમાં મસ્ત બની જીવન જીવવાથી સંસારના તમામ સાધનોમાંથી આનંદ પ્રાપ્ત થાય છે, જીવનનો માર્ગ સરળ બની જાય છે.આપણે જે રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા છીએ તે રસ્તા ઉપર પુષ્કળ કાંટાઓ વિખરાયેલા પડ્યા છે તે એક એક કાંટાને દૂર કરવા આપણા માટે સંભવ નથી પરંતુ જેને પગમાં મજબૂત પગરખાં પહેરેલાં છે તેના માટે સમગ્ર પૃથ્વી ઉપર ચામડું જ મઢેલું છે તેમને કાંટા વાગી શકતા નથી, તેવી જ રીતે જેના ધ્યાનમાં હંમેશાં પ્રભુ પરમાત્મા રહે છે તેના માટે સમગ્ર ધરતી ઉપર સુખ જ પથરાયેલું છે તેને દુઃખરૂપી કાંટા પરેશાન કરી શકતા નથી.

જેમ જેમ મનુષ્ય શુભકર્મોમાં મન લગાવે છે તેમ તેમ તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થતી જાય છે.આ નિયમ પ્રત્યે શંકા રાખવી જોઈએ નહિ.જેમ દોરડાંથી પશુને બાંધવામાં આવે છે તેમ આ મન જ દેહ વગેરે તમામ વસ્તુઓમાં મોહ ઉપજાવી એનાથી જીવને બાંધે છે માટે મનને જ બંધન અને મોક્ષનું કારણ માનવામાં આવે છે.મન જ્યારે રજોગુણથી મેલું હોય ત્યારે જીવના બંધનનું અને રજોગુણ તથા તમોગુણથી રહિત શુદ્ધ બન્યું હોય ત્યારે મોક્ષનું કારણ થાય છે.જેમ જેમ મન પરમાત્માના ધ્યાનમાં સ્થિર થાય છે તેમ તેમ બહારના પદાર્થોની વાસનાને તે છોડતું જાય છે અને પછી બધી વાસનાઓ છૂટી જાય છે ત્યારે પરમાત્માનો અસ્ખલિ અનુભવ થવા લાગે છે.આજે સંત નિરંકારી મિશન બ્રહ્મજ્ઞાનના માધ્યમથી માનવના દૃષ્ટિકોણને વિશાળ બનાવી રહ્યું છે, મનના ભાવોને બદલી રહ્યું છે.મન બદલાય તો સ્વભાવ બદલાય છે,વિચાર બદલાય છે અને વિચારો બદલાતાં જ જીવન જીવવાની રીત આપોઆપ બદલાઈ જાય છે.

(સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનના આધારે)

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૯૦૭૫(મો)



તાઃ૨૩-૦૬-૨૦૨૨

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજે કેન્દ્રિયમંત્રી શ્રી અનુરાગ ઠાકુર બે દિવસ ગુજરાત પ્રવાસે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે ભારતના રમત ગમતના મંત્રી સાથે બે દિવસ બેઠકમાં ભાગ લેવા આવ્યા છે.

આજે અમદાવાદ એરપોર્ટે ખાતે માન.ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી,પ્રદેશના મીડિયા કન્વીનીરશ્રી ડો.યજ્ઞેશભાઈ દવે તેમજ પ્રદેશના હોદેદારો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારમાં દેશમાં ખેલ અને રેલનો વિકાસ થયો છે. રમતગમત ક્ષેત્રે ભારતે ટોકિયો ઓલમ્પિકમા સારુ પ્રદર્શન કર્યુ છે. વડાપ્રઘાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શનમાં રમતજગત ક્ષેત્રે ખેલાડીઓને વધુ સારી સુવિઘા આપવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને દરેક રમતોમાં ખેલાડીઓને પ્રોત્સાહન કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ રમતવીરો સાથે વાતચિત પણ કરે છે અને વધુ સારી સુવિધા ખેલાડીઓને કેવી રીતે અપાય તેની ચિંતા કરે છે. ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ ન માત્ર ગુજરાતમાં પરંતુ ભારતમાં એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જે સરદાર પટેલ આખા દેશને એક રાખવાનું કામ કર્યુ તેમની સૌથી મોટી પ્રતિમાં ગુજરાતમાં બનાવવામાં આવી છે.

ડૉ યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર



તાઃ૨૩-૦૬-૨૦૨૨

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજે કેન્દ્રિયમંત્રી શ્રી અનુરાગ ઠાકુર બે દિવસ ગુજરાત પ્રવાસે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે ભારતના રમત ગમતના મંત્રી સાથે બે દિવસ બેઠકમાં ભાગ લેવા આવ્યા છે.

આજે અમદાવાદ એરપોર્ટે ખાતે માન.ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી,પ્રદેશના મીડિયા કન્વીનીરશ્રી ડો.યજ્ઞેશભાઈ દવે તેમજ પ્રદેશના હોદેદારો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારમાં દેશમાં ખેલ અને રેલનો વિકાસ થયો છે. રમતગમત ક્ષેત્રે ભારતે ટોકિયો ઓલમ્પિકમા સારુ પ્રદર્શન કર્યુ છે. વડાપ્રઘાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શનમાં રમતજગત ક્ષેત્રે ખેલાડીઓને વધુ સારી સુવિઘા આપવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને દરેક રમતોમાં ખેલાડીઓને પ્રોત્સાહન કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ રમતવીરો સાથે વાતચિત પણ કરે છે અને વધુ સારી સુવિધા ખેલાડીઓને કેવી રીતે અપાય તેની ચિંતા કરે છે. ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ ન માત્ર ગુજરાતમાં પરંતુ ભારતમાં એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જે સરદાર પટેલ આખા દેશને એક રાખવાનું કામ કર્યુ તેમની સૌથી મોટી પ્રતિમાં ગુજરાતમાં બનાવવામાં આવી છે.

ડૉ યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર



સુરત તા. ૨૧

પ.પૂ.સ્વામી અંબરીશાનંદજીના સાનિધ્યમાં તેમજ ગુરુકુળ વિદ્યાપીઠ ન.વ્ર.ધમણવાળા ગુજરાતી માધ્યમ શાળાના પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી વિપુલભાઈ પટેલ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યાશ્રી પારૂલબેન ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુરુકુળ પરિવાર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી....

સુરત... જયંતિ કાકડિયા

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




બેસી શકો તો એક ભીની વાત હું કરું
આ સૂર્ય પર પડદો કરીને રાત હું કરું
કદી ઘટના બનીને પણ હૃદયની પાર જાવું છે
સમય જો સાથ આપે તો સમયની પાર જાવું છે
ફરી પાછા તમારી યાદના સંબંધ રાખ્યા છે
અમે તૂટી ગયેલા શ્વાસને અકબંધ રાખ્યા છે

ઉપરોક્ત મત્લા જેવા અનેક યાદગાર મત્લાઓ જેમણે આપ્યા છે..સાદ્યન્ત ગઝલો ,ગીતો તેમના સંગ્રહોમાંથી આપણને મળે છે એવા સર્જક કવિ શ્રી શૈલેષ પંડયા ભીનાશ કવિ , ડિરેક્ટર ,એકર ,એક્ટર ,લેખક,કોલમિસ્ટ ,એમ અનેક રીતે જાણીતા છે .એમની મૂળ પકડ ગઝલ ઉપર જબરદસ્ત છે ,એ ગીતો ,અછાંદસ , આસ્વાદ પણ સુંદર લખે છે.

કદી તૂટ્યું હતું ક્યાં આપણું સગપણ તને એ
કોણ સમજાવે
અસર તારી જ મારામાં હતી ક્ષણ ક્ષણ તને
એ કોણ સમજાવે
હરિવર તમારા પગલે ચાલી
રોમ રોમ સોંપીને તમને ફરતી ઠાલી ઠાલી
હરિવર તમારા પગલે ચાલી

આમ કહેનાર કવિ શ્રી શૈલેષ પંડયા ભીનાશનો જન્મ અરવલ્લી જિલ્લામાં ગાબટ મુકામે ૨૪ જૂન ૧૯૭૮ ના રોજ થયો હતો માતાનું નામ વાસંતીબેન અને પિતાનું નામ પુનમચંદ. એમનું મૂળ વતન મહીસાગર જિલ્લાનું સારીયા ગામ જે હાલ વીરપુર તાલુકામાં છે, પણ વ્યવસાય ના કારણે હાલ કલોલ જિલ્લો ગાંધીનગરમાં રહે છે.

તેમણે તેમનું પ્રાથમિક શિક્ષણ સારીયા ,પાંસરોડામાંથી લીધું ,માધ્યમિક શિક્ષણ મોહનપુર ,ઉભરાણ ,હાયર સેકન્ડરી શિક્ષણ રણજીતપુરામાંથી લઈ બી.એ ,એમ.એ ,બી .એડ (અંગ્રેજી )ગુજરાત યુનિવર્સિટીમાં થી કરી પોસ્ટ ગ્રેજ્યુટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કૉમ્યૂનિકેશન ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટી માંથી , વાણી સર્ટિફિકેટ કોર્સ આકાશવાણી માંથી કર્યો. પાવર ઓફ પોઝિટિવ એટ્ટીટ્યૂડ અને ઈંગલિશ કૉમ્યૂનિકેશન સ્કિલ સર્ટિફિકેટ કોર્સ એ. એમ. એ અમદાવાદમાંથી કર્યા ,હિન્દી વિનીત વિદ્યાપીઠમાંથી કરી હાલ પી. એચ. ડી કરી રહ્યા છે .બ્લૂમ ડેકોર ,અરવિંદ નીટસ, ઈ .બી.ઓ ,બંધેજ, એસજી વેટ કેર ,આકાશવાણી એમ અનેક જગ્યાએ કામ કરતા કરતા હાલ છેલ્લા ૬ વર્ષથી અમદાવાદ જીટીપીએલ ગુજરાતી ચેનલમાં પ્રોગ્રામ ડિરેક્ટર તરીકે ફરજ નિભાવી રહ્યા છે .જીટીપીએલમાં તેઓ અનેક પ્રોગ્રામ સાથે જોડાયેલા છે

સૌપ્રથમ ખેતી અને ખેડૂત કાર્યક્રમ જેના નાટકીય રૂપાંતરોના ૫૦ જેટલા અને વિષયતજ્જ્ઞ સાથેની વાતચીતના ૧૬૫ એપિસોડ એમણે ડિરેક્ટર ,એંકર, એક્ટર ,રાઈટર,અને ટાઇટલ લીરિસ્ટ તરીકે કામ કર્યું અને એ માટે એમનું નામ ૨૦૧૮ માં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નોંધાયું જે રિજનલ ટેલિવિઝન માટેનો રેકોર્ડ હતો એમનો બીજો પ્રોગ્રામ કાવ્યરસ પણ પાંચ કામ એક સાથે કરવાથી ૨૦૧૮ માં જ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં બીજો રેકોર્ડ એમના નામે થયો ..આજે પણ આ બન્ને રેકોર્ડ એમના નામે જ છે. આમ એક બાજુ કવિતા બીજી બાજુ ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી આ કવિએ સાહિત્યની સાથે સાથે દેશના ખેડૂતોને ગાય આધારિત ખેતીના પ્રોગ્રામ કરી આપણી સંસ્કૃતિનું પણ જતન કર્યું .ખેતી અને ખેડૂતનું ટાઈટલ સોંગ આજે પણ એટલું જ ચિરંજીવ છે શૈલેષ પંડયા ભીનાશનો ડો. રાકેશનો રોલ આજે પણ ગામડાઓમાં ખેડૂતો ભૂલ્યા નથી .જીટીપીએલ માં પુસ્તક પરિચય ,સંબંધોનો સરવાળો જે માબાપની કથા ફેમ શ્રી અશ્વિન જોશી સાથે ,એજ્યુકેશનનો શો વૅક અપ કોલ કાર્યક્રમ ,ભક્તિ રસ ,વાવડ ,સર્જક સાથે સંવાદ ,સ્વરસંગમ ,રથયાત્રા લાઈવ ,ગણેશમહોત્સવ લાઈવ ,શ્રાવણ શિવમંદિર લાઈવ ,એમ૧૦૦૦થી પણ વધારે એપિસોડ જીટીપીએલમાં તેઓ કરી ચુક્યા છે ..આ અગાઉ એસજી વેટ કેરમાં પબ્લિક રિલેશન ઓફિસર તરીકે આખા ભારતમાં રોહતક થી એલ્લેપી સુધી ફરી ચુક્યા છે .આકાશવાણી હિંમતનગર માટે પેનલ એનાઉન્સર તરીકે બે વર્ષ કામ કર્યું ખેતીના એપિસોડ કર્યા તથા એમની બનાવેલી ડોકયુમેન્ટરી ×બાપુની અસ્થિનું ગામ મહાદેવપુરા ×જે નેશનલ લેવેલે પ્રાદેશિક ડોક્યુમેન્ટ્રી તરીકે વિજેતા બની હતી .અમદાવાદ આકાશવાણીમાં કવિ તરીકે એમની કવિતાઓ પ્રસારિત થઈ ,ડ્રામા આર્ટિસ્ટ તરીકે ટ્રાન્સલેટર તરીકે ,આસીટન્ટ પ્રોડ્યૂસર તરીકે સ્વચ્છ સુંદર મારો દેશ શ્રેણીના એમણે કેટલાય એપિસોડ કર્યા

૫૦ વર્ષ જુના રેકોર્ડિંગ ભવિષ્યમાં વગાડવા કે નહીં એ આરકાઈવલ કમિટીમાં તેઓએ ૬ મહિના અમદાવાદ આકાશવાણીમાં જજ તરીકે કામ કર્યું ,ગોધરા આકાશવાણીમાં પણ ખેતીના કાર્યક્રમો કર્યા કવિતા પઠન તો ખરુજ.. આમ કવિએ એક સાથે અનેક કામ કર્યા શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશન નામની સંસ્થા તેઓ ચલાવી રહ્યા છે જેના નેજા હેઠળ ગુજરાતના અનેક સ્થળોએ એમણે ગુજરાત સાહિત્ય અકાદમી ,ગુજરાત સંગીત નાટક અકાદમી ,વન વિભાગ સાથે જોડાણ કરી અનેક કાર્યક્રમોનું આયોજન ,સંચાલન એમણે કરેલું છે. ઈમપ્પા રજિસ્ટર્ડ શ્રી ગણેશ કૉમ્યૂનિકેશન્સ દ્વારા અનેક એડ ફિલ્મો ,એડ્વર્ટાઈઝ, ઓડિયો વિડિઓ ડોક્યુમેન્ટ્રી એમણે બનાવી છે ..જીટીપીએલ પર એમનો કવિતાનો કાવ્યરસ કાર્યક્રમ જે કોરોના કાળને બાદ કરતા છેલ્લા છ વર્ષથી એકધારો ચાલે છે ૩૦૦ થી વધારે કવિઓ૧૦૦થી વધારે કવયિત્રીઓ એ કવિતા પઠન કરેલું છે અનેક મૂર્ધન્ય સાહિત્યકારોની ,કલાકારોની એમણે પુસ્તક પરિચય અને સર્જક સાથે સંવાદમાં મુલાકાતો કરી છે. યુનિવર્સિટી સાથે જોડાણ કરી કાવ્યરસ કરેલા છે ...આકાશવાણી અમદાવાદ ,વડોદરા પરથી એમની ગઝલો ગીતો સુગમ સંગીતમાં પ્રસારિત થયેલા છે દૂરદર્શન અમદાવાદ અને જીટીપીએલ સ્વર સંગમમાં એમની અનેક ગઝલો ગીતો ગવાય છે . તેઓ અમદાવાદની શનિસભા ,બુધસભા માં ૨૦૦૫ થી ૨૦૦૮સુધી નિયમિત ગયા એમનો કાવ્યસંગ્રહ નિખાલસ જે ૨૦૧૨ માં પ્રગટ થયો હતો જેમાં ગઝલ ,ગીત,મુક્તક, અછાન્દસ ,ટ્રાયોલેટ ,વગેરે કાવ્યપ્રકાર ખેડ્યાં છે એમની પેઢીમાં સૌએ ગઝલસંગ્રહ આપ્યા પણ કવિએ સુંદર નિખાલસ કાવ્યસંગ્રહ આપી સૌનો પ્રેમ જીત્યો હતો નિખાલસ સંગ્રહ આજે પણ સૌનો માનીતો અને જાણીતો છે .કવિની કવિતાઓ કવિતાના લગભગ બધા ગુજરાતી સામયિકો માં પ્રગટ થઇ છે કવિલોક, કવિતા ,ધબક,ગઝલવિશ્વ ,પરબ ,કુમાર ,કવિ,શબ્દ્સર ,શબ્દસૃષ્ટિ ..સાક્ષરનો સાક્ષાત્કાર તથા કુમારમાં ઊર્મિની અટારીએમાં કવિ તરીકે એમનો વિશેષ લેખ પ્રગટ થયેલા છે ગુજરાતી દૈનિક પત્રોમાં એમની મુલાકાતોની સાથે સાથે ઈન્ડિયા ટુડે ,ડી.એન. એ જેવા અંગ્રેજી દૈનિકમાં પણ એમના ઈન્ટરવ્યૂ પ્રકાશીત થયેલા છે ગુજરાતી સાહિત્ય સામયિકોની સાથે સાથે એમની હિન્દી ગઝલો હિન્દી સામયિકોમાં પણ પ્રગટ થયેલી છે, એમના ગુજરાતી કાવ્યસંગ્રહ નિખાલસ વિશેના આર્ટિકલ અને એમની ૫૧ગુજરાતી ગઝલોનો હિન્દી અનુવાદ સાહિત્યવિથિકા જે આંતરરાષ્ટ્રીય હિન્દી શોધ પત્રિકા છે એમાં પ્રગટ થયેલો છે .ગુજરાતના આ એક માત્ર ગઝલકાર છે જેમના બે પુસ્તકો ગઝલ અનુવાદના શબનમી ગૂફ્તેગૂ ,શબનમી આફતાબ હિન્દીમાં થયા છે. કવિ જયારે સંચાલન કરે અથવા પોતાની રચનાઓનું તરન્નુમ કરે ત્યારે તેમને સાંભળવા એક લ્હાવો છે.

તેમનો શબનમી ગૂફ્તેગૂ ૫૧ ગઝલોનો હિન્દી અનુવાદ જે ડો.સતીન દેસાઈ પરવેજ દ્વારા કરવામાં આવ્યો એને ૨૦૧૯ નું હિન્દી સાહિત્ય અકાદમીનું પ્રથમ ઈનામ મળ્યું ..એમનો બીજી ૫૧ ગઝલોનો હિન્દી અનુવાદ શબનમી આફતાબનું લોકાર્પણ ટૂંકમાં થઈ રહ્યું છે એમણે ગુજરાતી ફિલ્મોમાં પણ ગીતકાર તરીકે બેશક ,સમય ,મજાની મસ્તીમાં કામ કર્યું છે .એમની સાહિત્યયાત્રા અને મલ્ટી પર્સનાલિટી અનેક જગ્યાએ પોંખાઈ છે. મુખ્ય એવોર્ડમાં ખેડા જિલ્લા સદભાવના એવોર્ડ ,ઉમ્મીદ એકતા એવોર્ડ ,લાંઘણજ મહેસાણા યુવા સાહિત્યકાર એવોર્ડ, તપોભૂમિ ભરૂચ એવોર્ડ ભરૂચ વહીવટી તંત્ર અને ગુજરાત સરકાર ,એક સાથે પાંચ કામ (ડિરેક્ટર ,એંકર, એક્ટર ,રાઈટર,અને કવિ )વ્યક્તિગત રીતે જીટીપીએલ ના બે પ્રોગ્રામ કાવ્યરસ અને ખેતી અને ખેડૂતના બે રેકોર્ડ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ ૨૦૧૮માં ,સુરસમન્વય ફાઉન્ડેશન ચૈતન્ય શિખર સન્માન ,ગુરુબ્રાહ્મણ ગુજરાત શબ્દાયન સંસ્થા દ્વારા સમાજ રત્ન એવોર્ડ ,૧૦ વર્ષ પત્રકારત્વ યાત્રા સન્માન મહીસાગર વહીવટી જિલ્લા તંત્ર દ્વારા .અમોલ આદર્શ પ્રકાશન પારિતોષિક સંચાલન માટે ..આમ અનેક રીતે કવિ પોંખાયા છે .મોરારી બાપુ પ્રેરીત ઉત્તરકાશી સર્જક યાત્રા ,શ્રી ઉમાશઁકર જોશી બામણા કથામાંમાં સર્જક તરીકે નિમઁત્રણ મળતા ગયા હતા.. માત્ર ને માત્ર નિજાનંદ માટે વાંસળી વગાડે છે ભજન પણ સુંદર ગાય છે .પપ્પાની આંગળી પકડીને એમણે સારીયા ગામમાં આસપાસના ગામમાં બાળપણમાં મહાભારત ,રામાયણની કથાઓ કરેલી છે અને કદાચ આ વારસો એમને એમાંથી મળ્યો હોય..કવિ ૧૬ વર્ષના હતા ને પ્રથમ વાર પપ્પા ને લઈ અમદાવાદ કેન્સરની સારવાર માટે લઈને આવ્યા હતા કેન્સર હોસ્પિટલનો મેલ સર્જીકલ બી વોર્ડ એમના માનસપટ પર હંમેશા અંકિત રહ્યો શરૂઆતમાં કૈક લેવા નીચે આવે તો પોતાનો વોર્ડ પણ ભુલી જતા.. જિંદગીએ ઘણું બધું બાળપણમાં જ શીખવી દીધું આમ થી આમ ભટકી ભટકી ભણવું પડ્યું..બારમા ધોરણ અને આઈ.ટી આઈ. બાદ આજીવિકા માટે નોકરીની સાથે સાથે જ ભણવું પડ્યું. અને આ બધી બાબતો એ કવિને સ્વમાન સાથે જીવતા શીખવી દીધું .. જી હજુરી કરવા કરતા સ્વમહેનતે પોતાનો પથ કંડાર્યો અને આ પ્રેરક બળો એમને સાચી કવિતા સાચ્ચા સ્વમાની જીવન તરફ દોરી ગયા એમનું નિખાલસ સંગ્રહનું એક ગીત જુવો

જીવણ અમે રે પરોણા એક રાતના
જીવણ હોંકારે ભરાવો ડેલીએ ટહુકા
પડાવો
ખાટલા ઉઘરાવશું રે જીવણ આજકાલ..
જીવણ અમેરે પરોણા એક રાતના...
અમને હાથ રે ઝાલીને જીવણ આવળ
બતાવો
અમને ઊના રે પાણીએ જીવણ ઝીલણા
કરાવો
જીવણ ભોજનિયાં પીરસીને ભોંયમાં દાટી
દયો સવાલ
જીવણ અમેરે પરોણા એક રાતના...
જીવણ આજે રે મઁગાવો એલચી -પાન
બીડા
જીવણ ઢોલિયા ઢળાવો ઘૂંટવા એકડે મીંડાં
જીવણ પોઢી રે જાવું છે શાને માંડી છે
ધમાલ
જીવણ અમેરે પરોણા એક રાતના...

વઁદન એ માતા પિતાને અને સારીયા ગામને જ્યાંથી આવા કલાકાર સમાજ અને સાહિત્યને મળ્યા જેમણે ટેલિવિઝનના માધ્યમથી કાવ્યરસના માધ્યમથી અનેક રીતે કવિતાની ,સમાજની સેવા કરી ....જન્મદિવસ મુબારક કવિ..ભીનાશ .

એમની જ એક ગઝલથી વાત પુરી કરીયે .

ઘટના નથી દ્રશ્યો નથી તોયે તરત પડયો
મેં આંખ મીંચીને અચાનક ત્યાં ફરક
પડયો .
હું કાંઈ જાદુગર નથી પણ એટલું ખરું ,
કે જાત જેવી ઓગળી એવો બરફ પડયો
.
સાચ્ચું બધુંયે ખોટું માની લીધું છે તમે ,
સાચ્ચું બધુંયે હું સહન કરવા અલગ
પડયો.
લાયક નથી પણ એકદમ લાયક બની જશે
,
પગ જોઈને લાલો બિચારો જે ચરણ
પડયો.
કારણ વગર સાચે જ આ ×ભીનાશ× ના
મળે,
ઋતુ મળીના મૌસમી કોઠો ગરમ પડયો.

સંપર્ક :શૈલેષ પંડયા ભીનાશ

# કલોલ તાલુકાના બિલેશ્વરપુરા, ગોગાપુરા અને ઘાનોટ ગામની શાળામાં કલેકટરશ્રીના હસ્તે ઘોરણ-૧ અને આંગણવાડીના બાળકોની પ્રવેશ વિઘી સંપન્ન થઈ

ગાંધીનગરઃ શુક્રવારઃ

શિક્ષણનો અર્થ માત્ર સાક્ષરતા જ નહિ, પણ કેળવણી છે, તે નિયમિત શાળાએ આવવાથી મળે છે, તેવું આજરોજ કલોલ તાલુકાના સાસંદ આર્દશ ગામ તરીકે પસંદ પામેલા બિલેશ્વરપુરા ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલ શાળા પ્રવેશોત્સવમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું.

સાક્ષરતાનું પ્રમાણ રાજયમાં વધી રહ્યું છે, તેનો આનંદ વ્યક્ત કરતાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, શિક્ષણ થકી જ આપ જીવનમાં નક્કી કરેલા લક્ષ્યાંક સુધી જઇ શકો છો. ૨૧મી સદીને જ્ઞાનની સદી કહેવાય છે, આ સદીમાં ભણતર સિવાય આપની પાસે કોઈ વિકલ્પ નથી. તેમજ શિક્ષણ જીવનની કોઈપણ પરિસ્થિતિનું સમાઘાન કરી આપે છે. શિક્ષણ વિના સમાજમાં પરિવર્તન લાવવુંઅશક્ય છે. તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા છેલ્લા એક દાયકા જેટલા સમયથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજવામાં આવી રહ્યો છે. આ મહોત્સવ થકી આજે સમાજમાં શિક્ષણ અંગેની જાગૃત્તિ આવી છે. સામાન્ય માણસ પણ પોતાના બાળકોને શાળાએ મોકલી રહ્યો છે. જેની ફલશ્રૃતિ રૂપે આજે ડ્રોપ આઉટ રેશિયો ઘટી ગયો છે. શાળાઓમાં નામાંકન ૧૦૦ ટકા થઈ રહ્યું છે.



શિક્ષણ થકી જ મહિલા સશક્તિકરણને સાર્થક કરી શકાય છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સ્ત્રીઓની સંખ્યા વઘવાથી મહિલા સશક્તિકરણ થતું નથી. પણ શિક્ષણ મેળવી પગભર બનેલ મહિલાઓ જ્યારે ઘરની વાતથી લઈ કોઈપણ નિર્ણય કરવામાં પોતાના વિચાર રજૂ કરી શકે છે, તેમની વાતનો સ્વીકાર થાય છે, તે સાચું મહિલા સશક્તિકરણ છે. તેમણે પોતાની બચપનની વાતને યાદ કરતા કહ્યું હતું કે, હું નાનો હતો, ઘોરણ-૧ માં શાળાએ ગયો, તે વખતે પ્રથમ દિવસે મને મારા પિતાજી શાળાએ મૂકી ગયા હતા. પરંતુ આજે ઘોરણ- ૧માં પ્રવેશ મેળવતા બાળકને આવકારવા સમગ્ર શાળા પરિવાર સાથે ગ્રામજનો શાળા પ્રવેશોત્સવના થકી એકઠા થયા છે. આ વાત તે બાળકના માનસપટ પર જીવનભર રહે છે.

જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના હસ્તે કલોલ તાલુકાના બિલેશ્વરપુર ગામની પ્રાથમિક શાળામાં ઘોરણ- ૧માં કુમાર- ૧૮ અને કન્યા ૨૫ મળી કુલ- ૪૩ બાળકોની પ્રવેશવિઘી સંપન્ન થઈ હતી. તેમજ આંગણવાડીમાં કુમાર-૫ અને કન્યા ૩ મળી કુલ- ૮ ભુલકાઓની પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઘાનોટ ગામમાં ઘોરણ- ૧માં કુમાર- ૧૪ તથા કન્યા ૧૮ મળી કુલ- ૩૨, આંગણવાડીમાં કુમાર- ૨ અને કન્યા – ૨ મળી કુલ- ૪ ભુલકાઓની પ્રવેશવિઘી મહાનુભાવોના હસ્તે સંપન્ન થઈ હતી. ગોગાપુરા પ્રાથમિક શાળામાં કુમાર- ૨૫ અને કન્યા ૨૦ મળી ૪૫ બાળકો અને આંગણવાડીમાં કુમાર- ૧૦ અને કન્યા ૧૨ મળી કુલ- ૨૨ ભુલકાઓની પ્રવેશવિઘી

સંપન્ન કરાવવામાં આવી હતી. તમામ શાળામાં કલેકટરશ્રી અને મહાનુભાવોના હસ્તે ઘોરણ-૧ ના બાળકોને દફતર, પેન્સિલ,



કપાસ, નોટબુક અને પુસ્તકો આપી પ્રવેશવિઘી સંપન્ન કરાવવામાં આવી હતી. તેમજ આંગણવાડીના ભુલકાઓને દફતર સાથે રમકડાની કિટ અને મોઢું મીઠું કરાવી પ્રવેશ કરાવ્યો હતો. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની અંતર્ગત બિલેશ્વરપુરા, ઘાનોટ અને ગોગાપુરા ગામ ખાતેની તમામ પ્રાથમિક શાળામાં કલેકટરશ્રીના હસ્તે શાળામાં આસોપાલ વૃક્ષ વાવવામાં આવ્યું હતું. તેમજ તમામ શાળામાં ઘોરણ-૧ થી ૮ વર્ગખંડમાં પ્રથમક્રમે આવેલા બાળકોનું અને શાળામાં દાન કરનાર મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. એસ.એમ.સી.ના સભ્યો સાથે બેઠક કરી હતી. કિશોરીઓ, સગર્ભાબેનો અને ઘાત્રી માતાઓને પૌષ્ટિક આહારની કીટ પણ તમામ ગામમાં કલેકટરશ્રીના હસ્તે આપવામાં આવી હતી. આ પ્રસંગે કલોલ પ્રાંત અધિકારી શ્રી કિષ્નાબા વાઘેલા, તમામ ગામના સરપંચશ્રીઓ, દાતાશ્રીઓ અને વાલીગણ પણ આ પ્રવેશોત્સવમાં ઉત્સાહભેર સહભાગી બન્યો હતો.

# ભક્તિસભર માહોલમાં અને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે જગદીશ મંદિર પરિસર ખાતે ત્રણેય રથોનું આગમન થયુ



રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

પાટણ શહેરના પ્રસિદ્ધ શ્રી જગદીશ મંદિર પરિસર ખાતે ચાલુ સાલે તારીખ ૧લી જુલાઈ ના રોજ ભક્તિસભર માહોલમાં શ્રી જગદીશ મંદિર ટ્રસ્ટ પરિવાર અને જગદીશ ભગવાન રથયાત્રા સમિતિ તેમજ ભગવાન જગન્નાથજીના ભક્તજનો દ્વારા ભવ્યાતિભવ્ય ભગવાન જગન્નાથજીની ૧૪૦મી રથયાત્રા નિકળનાર છે.

શ્રી જગન્નાથ મંદિર પરિસર ખાતે શ્રી જગદીશ મંદિર ટ્રસ્ટ પરિવાર દ્વારા રથયાત્રાને અનુલક્ષીને તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

ભગવાન જગન્નાથજીની જગદીશ મંદિર પરિસર ખાતેથી નીકળનારી ૧૪૦મી રથયાત્રા માં જે ચાંદી જડીત રથમાં બિરાજમાન બની ભગવાન શ્રી જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્ર નગરચર્યાએ નિકળનાર છે તે ત્રણેય રથો ગુરૂવારના રોજ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે જગદીશ મંદિર પરિસર ખાતે લાવવામાં આવ્યા હતા.જયા જગદીશ મંદિર નાં પુજારી સહિત સમસ્ત ટ્રસ્ટી ગણ અને જગન્નાથ ભક્તો એ પુજા અર્ચના કરી રથો નું ભવ્યાતિભવ્ય મંદિર પરિસર ખાતે સ્વાગત કર્યું હતું.

કોરાનાની મહામારી બાદ ચાલુ સાલે પાટણ શહેરમાં નિકળનારી ભગવાન શ્રી જગન્નાથજી ૧૪૦ મી રથયાત્રા દરમિયાન કલેકટર ના જાહેરનામો ચુસ્ત પણે અમલ કરવામાં આવે તે માટે કોઈ પણ પ્રકારના તિક્ષણ હથીયાર સાથે ના કરતબો રથયાત્રા માં નહી કરવા અને કોઈ પણ પ્રકારના હથીયારો સાથે નહી રાખવા જગદીશ મંદિર ટ્રસ્ટ નાં મેનેજિંગ ટ્રસ્ટી પિયુષભાઈ આચાર્ય દ્વારા અપીલ કરવામાં આવી છે. રથયાત્રા દરમિયાન કોઈ પણ વ્યક્તિ આવા તિક્ષણ હથીયાર સાથે મળી આવશે તો તેઓની સામે કલેકટર ના જાહેરનામા નાં ઉલ્લંઘન બદલ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવનાર હોવાનુ તેઓએ જણાવ્યું હતુ.

કોરોનાની મહામારી બાદ ચાલુ સાલે નીકળનારી ભગવાન જગન્નાથની ૧૪૦મી રથયાત્રામાં ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડનારા હોય મંદિર ટ્રસ્ટ દ્વારા ચણા અને મગ નાં પ્રસાદમાં પણ દર વર્ષે કરતાં ચાલુ સાલે વધારો કરવામાં આવ્યો છે. તો સેવા કેમ્પોમાં પણ ચાલુ સાલે વધારો થનાર હોવાની સાથે શહેરના રાજમાર્ગો પર ૫૦ ઉપરાંત કમાનો ઉભી કરી રથયાત્રા નાં માર્ગો ને સુશોભિત કરવામાં આવ્યા છે.તો પાલિકા દ્વારા રથયાત્રા નાં માર્ગો ને પણ પેવર કરી રથયાત્રા દરમિયાન કોઈ પણ પ્રકારની અડચણ ઉભી ન થાય તે પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.તો પોલીસ વડા દ્વારા પણ રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ તે માટે જગદીશ મંદિર પરિસર સહિત રથયાત્રા નાં માર્ગો નું નિરિક્ષણ કરી ટ્રસ્ટીઓ સાથે જરૂરી વિચાર વિમર્શ પણ કરવામાં આવ્યો હોવાનું મંદિર ટ્રસ્ટ નાં મેનેજિંગ ટ્રસ્ટી પિયુષભાઈ આચાર્યે એ જણાવ્યું હતું.

તા.૧ લી જુલાઈ નાં રોજ નિકળનારી ભગવાન શ્રી જગન્નાથજી ની ૧૪૦ મી રથયાત્રા ને લઈને પાટણ શહેર સહિત સમગ્ર જિલ્લા વાસીઓ માં અનેરો આનંદ ઉમંગ છવાયેલો જોવા મળી રહ્યો છે.



સુરત તા. ૨૧

પ.પૂ.સ્વામી અંબરીશાનંદજીના સાનિધ્યમાં તેમજ ગુરુકુળ વિદ્યાપીઠ ન.વ્ર.ધમણવાળા ગુજરાતી માધ્યમ શાળાના પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી વિપુલભાઈ પટેલ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યાશ્રી પારૂલબેન ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુરુકુળ પરિવાર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી....

સુરત... જયંતિ કાકડિયા

# કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ -૨૦૨૨નો પ્રારંભ

સમગ્ર રાજયમાં આજથી શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવ -૨૦૨૨ અંતર્ગત વસ્તીગણતરી અને નાગરિક નોંધણી નિયામક શ્રી આર્દ્રા અગ્રવાલ(IAS)ની ઉપસ્થિતિમાં બાવળા તાલુકામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. બાવળા તાલુકાના કેશરડી, દેવધોલેરા અને દહેગામડા ગામની પ્રાથમિક શાળાઓમાં ધોરણ -૧ અને આંગણવાડીમાં બાળકોને શાળા પ્રવેશ કરાવાયો હતો.

કેશરડીમાં ૫૨ કુમાર અને ૩૧ કન્યા , દેવધોલેરામાં ૪૦કુમાર અને ૨૮ કન્યા , દહેગામડામાં ૨૩ કુમાર અને ૨૨ કન્યા મળીને કુલ ૧૯૬ બાળકોને ધોરણ-૧માં શાળાપ્રવેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, કેશરડીમાં ૪૩, દેવધોલેરામાં ૨૬, દહેગામડામાં ૨૪ બાળકોને આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન સંબોધન કરતાં IAS આર્દ્રા અગ્રવાલે જણાવ્યું કે, કોરોનાકાળ પછી યોજાઈ રહેલ શાળા પ્રવેશોત્સવ ખરા અર્થમાં મોટો ઉત્સવ છે. કપરી પરિસ્થિતિમાં પણ શિક્ષણકાર્ય યથાવત્ રાખનાર સૌ શિક્ષકો પ્રશંસાને પાત્ર છે. વધુમાં, તેઓએ ઉમેર્યુ કે, ૨૦૦૩ બાદ શાળા પ્રવેશોત્સવ દ્વારા ભૂલકાંઓના શાળા પ્રવેશની વ્યાખ્યા બદલાઈ છે. આજે પ્રવેશોત્સવ થકી સકારાત્મક વાતાવરણમાં બાળક અનેરા ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા આનંદમય વાતાવરણમાં થતો ભૂલકાંઓનો શાળા પ્રવેશ તેઓનો તેમજ અન્ય બાળકોનો ઉત્સાહ વધારે છે, એવું તેમણે ઉમેર્યું હતું.

સુશ્રી આર્દ્રા અગ્રવાલે આ પ્રસંગે શિક્ષણની ગુણવત્તા અને ગુણોત્સવ રિપોર્ટ કાર્ડ અંગે શાળાઓના શિક્ષકગણ સાથે પરામર્શ કરીને સલાહ-સૂચન મેળવ્યાં અને માર્ગદર્શન પૂરું પડ્યું હતું તેમજ શાળાઓને શૈક્ષણિક ઉપલબ્ધિઓ અંગે અભિનંદન આપ્યા હતા. તેઓએ ગામના વાલીઓને કન્યાઓને ફરજિયાત શિક્ષણ અપાવવા માટે અપીલ કરી.

આ પ્રસંગે શાળાઓમાં ભૂલકાંઓનું બેગ, પુસ્તકો અને શિક્ષણ કિટ આપીને સ્વાગત કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. પાછલા વર્ષમાં ધોરણ ૧ થી ૮માં પ્રથમ, દ્વિતિય અને તૃતિય આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, સંગીત અને વ્યાયામ આધારિત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ગામોમાં શિક્ષણ ક્ષેત્રે મદદરૂપ થનારા દાતાઓ અને અન્ય ગ્રામજનોને પણ આ પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા.આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ધારાબેન પટેલ, તાલુકા વિકાસ અધિકારી કવિતાબહેન મહેશ્વરી, શાળાના આચાર્ય, શિક્ષક ગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

-મીનેશ પટેલ

# જંત્રાખડી ઘટના પુ.મોરારાબાપુએ વખોડી, દિકરીને ન્યાયનો અનુરોધ

## ૨૬-૬ના રોજ જંત્રાખડીની મુલાકાતનો બાપુનો મનસુબો

બદ્રિનાથ

ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકામાં જંત્રાખડી ગામમાં એક કુમળી આઠ વર્ષની બાળા પર બનેલી દુષ્કર્મ,હત્યાની ઘટનાથી સમગ્ર ત્રિપાંખ સાધુ સમાજ સ્તબ્ધ થઈ ગયો છે. સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તે માટેનો રોષ પ્રગટ કરવામાં આવી રહ્યોં છે.

ત્રિપાંખ સાધુ સમાજની લાગણીને પ્રગટ કરતાં આજે પુ. મોરારીબાપુએ બદ્રીનાથની ×માનસ વ્યાસગુફા× કથાના છઠ્ઠા દિવસે જણાવ્યું કે હું ઘણાં બધાં સમયથી લગભગ ૧૨ તારીખથી યાત્રામાં છું.હાલ બદ્રીનાથ ખાતે કથામાં છું.તેથી



મને હમણાં જ જાણ થઈ કે દશનામ સાધુ સમાજની દિકરી સાથે આવી ઘટના ઘટી.આવી નિર્મમ ઘટનાને કોઈ અસુરોએ અંજામ આપ્યો છે તેથી આ જાણીને ખૂબ દુ:ખ થયું.હું તેથી વ્યથિત થયો છું.દશનામ ગોસ્વામી સાધુ સમાજના અગ્રણીઓ સાથે મેં મારી પીડા વ્યક્ત કરી જણાવ્યું છે કે આવા બનાવોમાં સખ્ત સજા થાય, દિકરીને જે તે સંબંધિત સંસ્થાઓ દ્વારા ન્યાય મળવો જોઈએ.પુ.બાપુએ ઉમેર્યુ કે જો મૌસમ વગેરેની અનુકૂળતા રહેશે તો મારી ઈચ્છા છે કે કથા સમાપનના દિવસે તા.૨૬-૬ ને રવિવારે હું અહિંથી સીધો આ જંત્રાખડી ગામમાં આ દિકરીની સમાધિના દર્શને જઈશ.પુ. મોરારિબાપુએ ત્રિંપાખ સાધુ સમાજ ને સત્યમ શિવમ સુંદરમ્ કહ્યો છે. પુ.મોરારિબાપુએ ભોગ બનનાર દશનામ સાધુ સમાજના તે બાપુ સાથે ટેલીફોનીક વાત કરી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા.સમાજમા આવી ઘટનાઓ માટે દુ:ખ વ્યક્ત કરી બાપુએ પોતાનો કરુણા ભાવ પ્રગટ કર્યો.

# વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના પરીવાર માટે તા.૨૬ જુન, રવીવાર સાંજે 'આનંદોત્સવ' અને ભોજન સમારોહ

સૌ થેલેસેમીક બાળકોને પરીવાર સાથે સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ.

લોહીની વારસાગત, જીવલેણ બિમારી થેલેસેમીયાનો ભોગ બનેલા કુમળા ફુલ જેવા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના સમગ્ર પરિવાર માટે બાપા સીતારામ તથા એક રામ ભકત દ્નારા રવિવાર તા. ૨૬ જુન, સાંજે ૪-૦૦ થી ૯–૦૦ કલાકે (સમયસર), મોઢ વણિક બોર્ડિંગ, ૫–રજપુતપરા, રાજકોટ ખાતે આનંદોત્સવ તથા તમામ થેલેસેમીયા પીડીત બાળકો તથા તેમના પરીવારજનો માટે ભોજન સમારોહનું પણ આયોજન કરાયું છે. તમામ બાળકોને સંગીતમય શૈલીમાં વિવિધ ગેમ્સ રમાડવામાં આવશે અને વિવિધ આકર્ષક ગીફટો પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌ થેલેસેમીક બાળકોને પરીવાર સહ સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે.

સમગ્ર આયોજન અંગે અનુપમ દોશી, મિતલ ખેતાણી, જીતુલભાઈ કોટેચા, સુરેશભાઈ બાટવીયા, ઉપેનભાઈ મોદી, , હિતેષભાઈ બાલાજી , હસુભાઈ રાચ્છ, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, પરસોતમભાઈ વેકરીયા, મનોજભાઈ ચૌહાણ, મિતુલભાઈ લાલ, હિરેનભાઈ લાલ, કિરીટભાઈ પાંધી, હિતેષભાઈ ગણાત્રા, હિમાંશુભાઈ માંકડ, લલીતભાઈ પુજારા, પ્રાગજીભાઈ કાકડીયા, મનીષભાઈ પરીખ, જયરામભાઈ પટેલ, મિતભાઈ ખખ્ખર, વિનેશભાઈ હિંડોચા, ડો. રવી ધાનાણી, અનીલભાઈ કવા, પરીમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, નૈષધભાઈ વોરા, ભાસ્કરભાઈ વોરા, મહેશભાઈ જીવરાજાણી, લતાબેન પોપટ, રંજનબેન લાલ, જયોતીબેન બાટવીયા, નેહાબેન ખખ્ખર, ફાલ્ગુનીબેન હિંડોચા, કૃપાલીબેન ખખ્ખર, રસીલાબેન ઓંધીયા વિગેરેની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વિશેષ માહિતી માટે વિવેકાનંદ યુથ કલબનાં અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬, મિતલ ખેતાણી ૯૮૨૪૨ ૨૧૯૯૯ સુરેશભાઈ બાટવિયા ૯૪૨૮૨૫૬૨૬૨નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું

# ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે કલેકટર ની ઉપસ્થિતિમાં તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ કાર્યક્રમ યોજાયો

રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

વહીવટીતંત્ર દ્વારા આમ જનતાને સરકારી યોજનાઓ અને વિવિધ વિભાગોમાં લોકોને પડતી જરૂરિયાતો અને મુશ્કેલીના નિવારણ અર્થે રાજ્ય સરકાર દ્વારા સ્વાગત ફરિયાદ જેવા કાર્યક્રમો સરકારની વિવિધ વિભાગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવે છે ત્યારે ચાણસ્મા ખાતે પાટણ કલેકટર સુપ્રીતસિંહ ગુલાટી ની ઉપસ્થિતિમાં તાલુકા કક્ષાએ સ્વાગત ફરિયાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરોગ્ય વિભાગ, એસટી વિભાગ ,વન વિભાગ જેવા વિવિધ વિભાગોના અધિકારઓની ઉપસ્થિતીમાં તાલુકા કક્ષાના અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું .ચાણસ્મા ખાતે યોજાયેલા સ્વાગત ફરિયાદ કાર્યક્રમમાં પાંચ અરજદારો પૈકી



ત્રણ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા. અને પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા. જે તે વિભાગના અધિકારીઓના પ્રશ્નોની કલેકટર અને અધિકારીઓ સાંભળી તેનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ચાણસ્મા ખાતે યોજાયેલા તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં મામલતદારશ્રી ચાણસ્મા જે.એન. દરબાર, તાલુકા વિકાસ અધિકારીશ્રી ચાણસ્મા લક્ષ્મીબેન ઠાકોર, T.H.O. ચાણસ્મા ડો.નિકુલ નાયક, યુ.જી.વી. સી.એલ.બી.એ.પટેલ, ના.કા.ઈ.પેટા વિભાગ સિંચાઈ વી.સી. ભાવસાર, વેટેનીયર ઓફિસર ડો. હાર્દિક પટેલ ,ના.કા.ઈ.પાણી પુરવઠા બોર્ડ મોઢેરા એ.એમ.પટેલ, રેન્જ ફોરેસ્ટ ચાણસ્મા ટી.એમ.ચોધરી, પી.આઈ.આર.એમ. વસાવા ચાણસ્મા , આઈ.સી.ડી.એસ. અધિકારી વિશાખાબેન, ડેપો મેનેજર ચાણસ્મા રીટાબેન પ્રજાપતિ સહિત તાલુકા કક્ષાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા

# અમદાવાદી મીઠી ઊંઘમાં હતા ત્યારે સિલ્વર કારના ૪ શકમંદે પોલીસના શ્વાસ અધ્ધર કર્યા

અમદાવાદ,તા.૨૩

કોરોનાની ત્રણેય લહેર બાદ અમદાવાદ શહેર ફરી દોડતું થઈ ગયું છે અને રાત્રે પણ યુવાઓના નાઈટ આઉટિંગથી શહેર સતત ધમધમતું રહે છે, પરંતુ બુધવારે રાતે ૧૧.૩૦ વાગ્યે શહેરમાં અચાનક જ લોકડાઉન કરી દેવામાં આવ્યું હતું. શહેરના બ્રિજ રસ્તા પર ટ્રાફિક રોકી દેવામાં આવ્યો હતો. આખા શહેરમાં જે લોકો જ્યાં હતા ત્યાં જ તેમને રોકી દેવામાં આવ્યા હતા. એક કલાક સુધી ચાલેલી આ પ્રક્રિયામાં લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા કે શું થયું હશે, આમ કેમ થઈ રહ્યું છે.

કન્ટ્રોલ રૂમમાંથી મેસેજ આવ્યો હતો કે એક સિલ્વર કલરની કારમાં ચાર શકમંદ ભાગ્યા છે, તાત્કાલિક તેમને પકડવામાં આવે, એટલે શહેરમાં ગણતરીની મિનિટ્સમાં જ નાકાબંધી કરી દેવામાં આવી હતી તેમજ બેરેકેડિંગ કરી દેવામાં આવ્યું હતું. પોલીસની આ કાર્યવાહીને પગલે લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો કે અચાનક જ આટલી મોટી સંખ્યામાં પોલીસ કેમ એક્શનમાં આવી ગઈ? શહેરમાં કોઈ અમંગળ ઘટનાનાં એંધાણ તો નથીને?

આ દરમિયાન પોલીસ દ્વારા એક-એક વાહનને ચેક કરીને જવા દેવામાં આવી રહ્યા હતા તેમજ શંકા પડે તો લોકોની પૂછપરછ પણ કરવામાં આવતી હતી. જોકે આ સમગ્ર ઘટનાક્રમ અંગે શહેરીજનો અજાણ હતા તેમજ તેમના મનમાં અનેક સવાલો ઊઠી રહ્યા હતા. અંતે, અમદાવાદ પોલીસ જે સિલ્વર કલર કારની શોધમાં હતી એ શકમંદ કારને પકવાન ચાર રસ્તા પાસે જ રોકી લેવામાં સફળ થઈ હતી.

આ અંગે અમદાવાદ શહેરના સંયુક્ત પોલીસ કમિશનર રાજેન્દ્ર અસારીએ જણાવ્યું હતું કે આ પ્રક્રિયાને લોકડાઉન પ્રક્રિયા કહેવામાં આવે છે. જે એક કલાક સુધી ચલાવવામાં આવી હતી. કોઈપણ સંજોગોમાં પોલીસ એલર્ટ કરવા માટેની આ પ્રક્રિયા છે. પોલીસ કંટ્રોલ રૂમથી મેસેજ કર્યા બાદ પોલીસ કેટલી ઝડપી બને છે એ જાણવા મળે છે.

# અમદાવાદ જીલ્લાના ૯ તાલુકામાં ૬૮૩ ગામડાઓ માં શાળા પ્રવેશોત્સવ યોજાશે

રાજયનું પ્રત્યેક બાળક શિક્ષણ મેળવે અને વાલીઓ પોતાના બાળકોને શિક્ષણ આપવા જાગૃત થાય તે આશયથી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત આયોજન થકી રાજ્યમાં પ્રતિ વર્ષ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. જેના પરિણામે રાજ્યમાં બાળકોના ડ્રોપ આઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ચાલુ વર્ષે રાજયના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આગામી તા.૨૩ થી ૨૫મી જૂન-૨૦૨૨ દરમિયાન શાળા પ્રવેશોત્સવ યોજાશે.

અમદાવાદ જીલ્લામાં પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી દેવાભાઈ માલમના અધ્યક્ષસ્થાને ૯ તાલુકામાં ૬૮૩ ગામડાઓમાં શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં અમદાવાદ જીલ્લાના દસક્રોઈના ૧૩૩, આણંદના ૧૦૫, વિરમગામના ૯૬, માંડલના ૪૩, દેત્રોજના ૫૫, બાવળાના ૬૧, ધોળકાના ૧૦૧, ધંધુકાના ૫૦ તેમજ ધોલેરાના ૩૯ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજય કક્ષાનો કાર્યક્રમ તેમજ મંત્રીમંડળના સભ્યો, સંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આઈએએસ તથા આઈપીએસ સહિતના ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓના અધ્યક્ષસ્થાને જિલ્લા મથકોએ કાર્યક્રમ યોજાશે.

આ દરેક મહાનુભાવો દિવસની ત્રણ પ્રાથમિક શાળાની મુલાકાત લઈ ભૂલકાઓને પ્રવેશ અપાવશે. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રકલ્પોની ક્લસ્ટર કક્ષાએ અને તાલુકા કક્ષાએ સમીક્ષા કરવામાં આવશે. જેમાં બાળકો નામાંકનની સ્થિતિ, ઓનલાઈન હાજરીની સમીક્ષા, ગુણોત્સવ-૨.૦ના પરિણામોની સમીક્ષા, એકમ કસોટી અને સત્રાંત કસોટીની સમીક્ષા, લર્નિંગ લોસ સંદર્ભે સમયદાનમાં થયેલ કામગીરી, કોરોનાકાળમાં શિક્ષણ માટે થયેલ ઓનલાઈન/ ઓફલાઈન કામગીરી, શાળાઓ તથા કલસ્ટરના ડ્રોપ આઉટની સમીક્ષા, મિશન સ્કૂલ ઓફ એકસેલન્સ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરાશે.



વામૈયા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ ના વિદ્યાર્થીઓ ને સ્લેટ અને પેન દાતા પરમાર વિરાજી કલસિહ તરફથી દાન આપવામાં આવ્યું હતું

સરસ્વતી ૨૪

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકા ના વામૈયા ગામ ખાતે આવેલ વામૈયા પ્રાથમિક શાળામા ધોરણ ૧ માં અભ્યાસ કરતા ૬૫ બાળકોને સારા પ્રવેશ ઉત્સવ નિમિત્તે દાતા શ્રી પરમાર વિરાજી કલસિહ તરફથી ધોરણ ૧ ના પ્રવેશ પાત્ર તમામ ૬૫ બાળકોને સ્લેટ અને પેનનું શાળાને દાન સ્વરૂપે દાન આપવામાં આવ્યું હતુંદાન આપનાર દાતા શ્રી પરમાર વિરાજી કલસિહ ને વામૈયા પાથમિક શાળાના આચાર્ય શ્રી દિલીપભાઈ પ્રજાપતિ દ્વારા દાતાશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો અને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

# મોંઘાદાટ હીરાના બે પેકેટ કચરામા મળ્યાં તો લાલચ રાખ્યા વગર માલિકને પરત સોંપ્યા

સુરત,તા.૨૩

સુરતના એક સફાઈ કામદારે ઈમાનદારીનુ એવુ ઉદાહરણ આપ્યુ કે ચારે તરફ તેની વાહવાહી થઈ ગઈ. સુરતમાં કતારગામના નંદુડોશીની વાડીમાં આવેલ પંચદેવ નામના કારખાનાના પાર્કિંગમાંથી એક સફાઈ કામદારને હીરા ભરેલા બે પેકેટ મળ્યા હતા. સફાઈ કામદારે ઈમાનદારી દાખવી પોતાના શેઠને હીરા પરત કર્યા હતા. જેના બાદ તેમણએ ડાયમંડ એસોસિયેશનનોસંપર્કકરી મૂળ માલિકને હીરા પરત કર્યા હતા.હીરા નગરી સુરતમાં આંગડિયા મારફતે દરરોજના કરોડો રૂપિયાના હીરાના પડીકાની આપ-લે કરતા હોય છે. તેવામાં કતારગામના નંદુડોશીની વાડી ખાતે આવેલા પંચદેવ હીરાના કારખાનામાં વિનોદ સોલંકી નામના સફાઈ કામદાર સફાઈ કરી રહ્યો હતો. તે દરમ્યાન તેમને બે હીરાના પેકેટ મળ્યા હતા.

# અમદાવાદની ભગવાન જગન્નાથની રથયાત્રામાં હજારો કિલો મગ પ્રસાદનું વિતરણ થશે

અમદાવાદ,તા.૨૩

આગામી અષાઢી બીજ એટલે કે ૧ જુલાઈના રોજ ભગવાન જગન્નાથની ૧૪૫મી રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કહેવત છે કે "મગ ચલાવે પગ" રથયાત્રામાં મગના પ્રસાદનું અનેરું મહત્વ છે. દરેક ધાન્યમાં સૌથી શ્રેષ્ઠ ધાન્ય તરીકે મગ છે. રથયાત્રામાં જતા શ્રદ્ધાળુઓ રથ ખેંચતા હોય ત્યારે ચાલવા માટે શક્તિની જરૂર પડે છે જેથી પ્રસાદ રૂપે મગ આપવામાં આવતા હોય છે. રથયાત્રામાં મગના પ્રસાદ માટે લોકો પોતાની શક્તિ મુજબ મગનું દાન કરે છે. જમાલપુર મંદિરમાં રથયાત્રા પહેલા અત્યારથી જ લોકો ૧૦૦ ગ્રામથી લઈને ૧૦ કિલો, ૨૦ કિલો મગનું દાન આપી રહ્યા છે.જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીએ જણાવ્યું હતું કે, વર્ષોથી પરંપરા મુજબ મગ, જાંબુ, કેરી અને દાડમનો પ્રસાદનો મહિમા રહેલો છે. જેથી લોકો યથાશક્તિ મુજબ પોતાની શ્રદ્ધાથી હજારો કિલો મગનું દાન કરે છે. સો ગ્રામથી લઈને મગની બોરીઓ મૂકી જાય છે. આ મગને પહેલા સાફ કર્યા બાદ ફણગાવીને રથયાત્રાના દિવસે પ્રસાદ રૂપે આપવામાં આવે છે. રથયાત્રામાં દરેક ટ્રકમાં મગનો પ્રસાદ આપવામાં આવે છે. આરોગ્યની દ્રષ્ટિએ મગને મહત્વની ઔષધિ માનવામાં આવે છે અને કઠોળમાં મગ રાજા ગણાય છે. જેથી મગના પ્રસાદનું અનેરું મહત્ત્વ રહેલું છે.રથયાત્રામાં હજારો કિલો મગના પ્રસાદ વિતરણ કરવામાં આવે છે. રથયાત્રાના ૧૦ દિવસ પહેલા લોકો મગ મૂકી જતા હોય છે અને બહેનો મગને સાફ કરીને રાખે છે. ગત બે વર્ષ કોરોનાના કારણે રથયાત્રા નીકળી ન હતી, જેના કારણે લોકોને મગના પ્રસાદનો લ્હાવો મળી શક્યો ન હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.